સુવિચાર
સારા કામ માટે સારી સવાર તો રોજ મળે છે બસ આપણે એને સારા વિચારથી જોવાની જરૂર છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





સામાકાંઠે પશુની બલી ચડાવવાના પ્રકરણમાં પોલીસને રૂ.૪ લાખના નૈવેદ્ય ધર્યાની જોરશોરથી ચર્ચા...? P-4



Year-16, Issue-197 ■ DATE : 03-12-2025 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ડોલર સામે રૂપિયો ઉંધા માથે પટકાયોઃ ૯૦.૧૪એ પહોંચ્યો



## ભારતની આયાતને મોટો ફટકો પડવાનું જોખમઃ શેરબજારમાં પણ મંદીનો માહોલઃ સેન્સેકસે ૮૫૦૦૦ની સપાટી ગુમાવી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકા સાથેના ટેરીફ વોર તથા વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી વચ્ચે કરન્સી માર્કેટમાં ડોલર સામે દબાણમાં આવેલો ભારતીય રૂપિયો આજે વધુ એક વખત ઉંધા માથે પટકાયો હતો અને ઈતિહાસમાં પ્રથમ વખત ૯૦ના સ્તરથી નીચે ઉતરી ગયો હતો. શેરબજારમાં પણ મંદીનો આંચકો લાગ્યો હતો અને સેન્સેકસ-નિફટી મહત્વના લેવલથી નીચે ઉતરી ગયા હતા.

કરન્સી માર્કેટમાં ડોલર સામે ભારતીય રૂપિયો છેલ્લા ત્રણેક દિવસથી નબળો પડી જ રહ્યો હતો ગઈકાલે ૯૦ના લેવલની નજીક આવી ગયો હતો અને આજે ખુલતામાં જ વધુ પ્રચંડ દબાણ આવતા ૯૦ની સપાટીની નીચે ઉતરી ગયો હતો.

આજે પ્રારંભિક કામકાજમાં ડોલર સામે રૂપિયો ગગડીને ૯૦.૧૪ના ઓલટાઈમ લો લેવલે ઉતરી ગયો હતો. અમેરિકા સાથેના ટેરીફ વોરના કારણે નિકાસને ફટકો ઉપરાંત મોંઘી આયાત, વિદેશી નાણા સંસ્થાઓની વેચવાલી, નવા રોકાણને બ્રેક, વૈશ્વિક અનિશ્ચિતતા સહિતના કારણોથી રૂપિયામાં દબાણ રહ્યું છે. ડોલર ઈન્ડેક્ષમાં સતત તેજીના કારણે પણ અમેરિકન ડોલર સતત મજબુત થઈ રહ્યાની પણ અસર છે.

ભારતીય રૂપિયાની નબળાઈના કારણે ભારતની આયાતને મોટો ફટકો પડવાનો જોખમ સર્જાયુ છે. ભારત જંગી માત્રામાં પેટ્રોલ-ડિઝલની આયાત કરે છે જે હવે મોંઘી થશે. ઈલેક્ટ્રોનીક, મોબાઈલ, મશીનરી સહિતની આયાત મોંઘી બનશે. આ જ રીતે વિદેશમાં ભણવા જનાર વિદ્યાર્થીઓ તથા વિદેશ પ્રવાસ પણ મોંઘા થઈ જવાનું સ્પષ્ટ છે.

બીજી તરફ રૂપિયાની નબળાઈ વચ્ચે શેરબજારમાં મંદીનો આંચકો અનુભવાયો હતો. વૈશ્વિક અનિશ્ચિતતા તથા વિદેશી નાણા સંસ્થાઓની એકધારી વેચવાલીના દબાણ હેઠળ મોટા ભાગના શેરોમાં ગાબડા પડયા હતા. આજે શરૂઆત સ્થિર ટોને થયા બાદ વેચવાલીનું દબાણ ઉભુ થયું હતું અને લગભગ તમામ ક્ષેત્રના શેરો રેડ ઝોનમાં સરકવા લાગ્યા હતા.

લાર્જ કેપ ઉપરાંત મીડકેપ શેરોમાં પણ દબાણ વતાર્યુ હતું. એન્જલ-૧, ઈન્ડીયન બેંક, પંજાબ નેશનલ બેંક, પેટીએમ, યસ બેંક, કેનેરા બેંક, સુઝલોન, એશીયન પેઈન્ટસ, વેદાંતા, હિટાચી એનર્જી, ઓલા ઈલેકટ્રીક, પાવર ફાયનાન્સ સહિતના શેરોમાં ગાબડા પડયા હતા.

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૩૫૧ પોઈન્ટના ગાબડાથી ૮૪૭૮૭ હતો જે ઉંચામાં ૮૫૨૬૯ તથા નીચામાં ૮૪૭૬૩ થયો હતો. નિફટી ૧૩૧ પોઈન્ટ ગગડીને ૨૫૯૦૦ હતો તે ઉંચામાં ૨૬૦૬૬ તથા નીચામાં ૨૫૮૯૬ હતો.

જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે અમેરિકી ટેરીફ વોરના કારણે માર્કેટ છેલ્લા કેટલાક વખતથી ખચકાટનો અનુભવ કરી જ રહ્યું હતું પરંતુ હવે ટ્રેડ ડીલમાં પણ સતત ઢીલ જેવા કારણ પણ માહોલ બગાડી રહ્યું છે.

આ સિવાય અમેરિકાએ વેનેઝુએલા પર સ્ટ્રાઈકની જાહેરાત કરી છે. રશિયા-યુક્રેન વોરમાં નવેસરથી હાકલા પડકારા શરૂ થયા છે આ સંજોગોમાં માર્કેટનું માનસ ખરડાઈ ગયું છે અને ટ્રેન્ડ નબળો જણાઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૪માં નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં સત્તાના સુકાન સંભાળતા સમયે ૧ ડોલર સામે રૂપિયાની કિંમત આશરે ૬૦ હતી જે આજે ૧૧ વર્ષમાં ૩૦ રૂપિયા જેટલી વધી છે. આમ આર્થીક વિકાસની વાત કરી રહેલ મોદી સરકારનો પરપોટો ફૂટયો છે. હજુ ડોલર સામે રૂપિયાનું કેટલુ અવમુલ્યન થશે તે નક્કી નથી.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૭/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૦,૬૩૦ | ₹૧,૯૧,૦૦૦ |
| | -૭૧૦ | +3000 |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹ ૯૦ | ₹૧૧૯.૦૬ |

## ઠંડીનો નવો રાઉન્ડ શરૂ

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આજથી ફરી ઠંડીનો રાઉન્ડ શરૂ થયો છે. અને સવારનાં તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થવા પામ્યો છે.સાથો સાથ આજથી ફરી ઉત્તરપૂર્વનાં ઠંડા પવનો પણ ફુંકાવાનું શરૂ થયું છે. આથી આજે સવારે ઠંડીની તિવ્રતા વધુ અનુભવાઈ હતી. આજે ૧૧-ડિગ્રી સાથે ફરી નલિયામાં સૌથી વધુ ઠંડી અનુભવાઈ હતી. જયારે, આજે રાજકોટ શહેરમાં પણ સવારે શિતલ હેરો વચ્ચે લઘુતમ તાપમાન ૧૪.૩ ડિગ્રી નોંધાતા લોકોએ, ટાઢોડુ અનુભવ્યુ હતું. તેમજ આજે અમદાવાદમાં ૧૬.૮, અમરેલીમાં ૧૩.૮, વડોદરામાં ૧૫.૮, ભાવનગરમાં ૧૮, ભુજમાં ૧૪.૮, તેમજ દમણમાં ૧૬.૬, ડિસામાં ૧૫.૨ ડિગ્રી અને દિવમાં ૧૬.૪, દ્વારકામાં ૧૮.૬, ગાંધીનગરમાં ૧૫.૮, કંડલામાં ૧૬.૫, પોરબંદરમાં ૧૬.૪, અને વેરાવળ ખાતે ૧૮.૯ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાવી પામ્યુ હતું. જયારે જામનગર શહેરમાં છેલ્લા ચોવીસ કલાકમાં લઘુતમ તાપમાનનો પારો વધુ અડધો ડીગ્રી નીચે સરકીને ૧૬ ડીગ્રીએ પહોંચી ગયો હતો, જેના પગલે ઠંડીમાં વધારો થયો હતો.તો મહતમ તાપમાનમાં બે ડિગ્રી ના ઘટાડા સાથે ૨૮.૫ ડિગ્રી નોંધાયું હતું.જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણમાં ૧૧ ટકાના ઘટાડા સાથે ૭૦ ટકા પહોંચી ગયું હતું.

# રશિયાના રાષ્ટ્રપતિ પુતિનના પ્રવાસને લઈ દિલ્હીમાં અભેધ સુરક્ષા વ્યવસ્થા

### પાટનગર કિલ્લામાં ફેરવાયુંઃ ખાસ સુરક્ષા કન્ટ્રોલ રૂમ ઉભો કરાયો




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનો ભારત પ્રવાસ બંને દેશોના સંબંધો માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, ખાસ કરીને સંરક્ષણ, ઊર્જા અને વેપાર ક્ષેત્રોમાં નવી સમજૂતીઓ થવાની અપેક્ષા છે. આ મહત્વપૂર્ણ મુલાકાતને લઈને રાજધાની દિલ્હીમાં કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

પુતિનની સુરક્ષા દુનિયાની સૌથી મજબૂત સુરક્ષાઓ પૈકીની એક ગણાય છે, અને આ સ્તર જાળવવા માટે ભારત અને રશિયન એજન્સી ખભેખભા મિલાવીને કામ કરી રહી છે. સમગ્ર રાજધાનીને 'હાઈ-સિક્યોરિટી ઝોન'માં ફેરવી દેવામાં આવી છે, જેથી આ 'ઝીરો એરર' સુરક્ષા પ્રોટોકોલ હેઠળ તેમનો આખો કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડે.

વ્લાદિમીર પુતિનની અંગત સુરક્ષામાં તૈનાત રશિયાની સ્પેશિયલ પ્રોટેક્શન ટીમ પુતિનની ભારત મુલાકાતના ઘણા દિવસો પહેલા જ દિલ્હી પહોંચી ગઈ છે. આ ટીમ ગુપ્ત રીતે હોટેલ, એરપોર્ટ, મીટિંગના સ્થળો અને સમગ્ર પ્રવાસ માર્ગની ઝીણવટભરી તપાસ કરી રહી છે. આ ટીમ દરેક નાના-મોટા જોખમોનું પણ સમીક્ષા કરવામાં આવશે.

ઉપરાંત, કઈ વ્યક્તિ કયા રૂમમાં જશે, કઈ લિફ્ટનો ઉપયોગ થશે, પ્રવેશ અને બહાર નીકળવાના દરવાજા કયા હશે - આ બધું જ 'મિનિટ-ટુ-મિનિટ' નક્કી કરવામાં આવે છે. આ ટીમના કડક નિયમો અને પૂર્વ-તપાસ દર્શાવે છે કે પુતિનની સુરક્ષામાં કોઈ પણ પ્રકારની ઢીલ રાખવામાં આવતી નથી.

પુતિનની સુરક્ષા અને સ્વાસ્થ્યને લઈને કેટલીક વિશેષ વ્યવસ્થાઓ જોવા મળે છે. તેઓ જ્યાં પણ મુસ-ાફરી કરે છે, ત્યાં એક મોબાઈલ કેમિકલ લેબ તેમની સાથે હોય છે. આ લેબનું મુખ્ય કામ તેમના ખોરાક અને પીવાના પાણીની ચકાસણી કરવાનું હોય છે.

રિપોર્ટ મુજબ પુતિન ન તો સ્થાનિક ખોરાક ખાય છે કે ન તો સ્થાનિક પાણી પીવે છે. તેમનો તમામ સામાન રશિયાથી ખાસ રીતે તૈયાર થઈને આવે છે અને અનેક સ્તરીય તપાસ બાદ જ તેમને પીરસવામાં આવે છે. આ સિવાય, પુતિન તેમની મુસાફરી દરમિયાન પોતાનું પર્સનલ પોર્ટેબલ ટોઈલેટ પણ સાથે રાખે છે, જેનો ઉદ્દેશ્ય તેમના સ્વાસ્થ્ય, તબીબી ડેટા અને અંગત માહિતીને સંપૂર્ણપણે સુરક્ષિત રાખવાનો છે. રશિયન રાષ્ટ્રપતિના આગમનને લઈને દિલ્હી પોલીસ, સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓ પણ હાઈ એલર્ટ પર છે. રાજધાનીના મુખ્ય વિસ્તારોમાં પોલીસની મોટી ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. ટ્રાફિક મૂવમેન્ટના રૂટ્સનું ટ્રાયલ પહેલેથી જ કરવામાં આવી રહ્યું છે.

# કોંગ્રેસે નરેન્દ્ર મોદીનો ચા વેંચતો વીડિયો પોસ્ટ કરતા રાજકારણ ગરમાયું



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોંગ્રેસે બુધવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ચા વેચતો એક AI જનરેટેડ વીડિયો પોસ્ટ કર્યો છે. આમાં PMને ચાવાળા તરીકે દર્શાવવામાં આવ્યા છે. તેમના હાથમાં ચાની કીટલી છે, બીજા હાથમાં ગ્લાસ છે.

વીડિયોમાં મોદીને જોર-જોરથી 'ચા બોલો, ચા-ચા જોઈએ' બોલતા દર્શાવવામાં આવ્યા છે. AI વીડિયોમાં PM રેડ કાર્પેટ પર ચાલી રહ્યા છે. તેમની પાછળ ભારત સહિત અનેક દેશોના ઝંડા લાગેલા છે. આમાં ભાજપનો પણ ઝંડો છે. આ AI વીડિયો કોંગ્રેસનાં પ્રવક્તા ડો. રાગિણી નાયકે પોસ્ટ કર્યો છે.

રાગિણીએ વીડિયોના કેપ્શનમાં લખ્યું - 'હવે આ કોણે કર્યું. ભાજપના પ્રવક્તા શહઝાદ પૂનાવાલાએ એને શરમજનક ગણાવ્યું. તેમણે X પર પોસ્ટમાં લખ્યું, 'નામદાર કોંગ્રેસ OBC સમુદાયમાંથી આવતા કામદાર વડાપ્રધાનને સહન કરી શકતી નથી.

# દિલ્હી મહાપાલિકાની ચૂંટણીમાં ઉલટફેર, ભાજપે બે સીટ ગુમાવી



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના ૧૨ વોર્ડમાં યોજાયેલી પેટાચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે, જેમાં ભારતીય જનતા પાર્ટીએ સાત અને આમ આદમી પાર્ટીએ ત્રણ બેઠકો જીતી છે. કોંગ્રેસે પણ સંગમ વિહાર-A બેઠક પર જીત નોંધાવી છે. જે ૧૨ વોર્ડમાં ૩૦ નવેમ્બરના રોજ મતદાન થયું હતું, તેમાંથી નવ બેઠકો અગાઉ ભાજપ પાસે હતી, જ્યારે બાકીની બેઠકો આમ આદમી પાર્ટી પાસે હતી. વર્ષ ૨૦૨૨માં ૨૫૦ વોર્ડ માટે યોજાયેલી MCD ચૂંટણીમાં ૫૦.૪૭ ટકા મતદાન થયું હતું, તેની સરખામણીમાં આ પેટાચૂંટણીનું મતદાન માત્ર ૩૮.૫૧ ટકા રહ્યું હતું.

જે બેઠકો પર પેટાચૂંટણી યોજાઈ હતી તેમાં મુંડકા, શાલીમાર બાગ-B, અશોક વિહાર, ચાંદની ચોક, ચાંદની મહેલ, દ્વારકા , ઢીચાઉ કલા, નારાયણા, સંગમ વિહાર A, દક્ષિણપુરી, ગ્રેટર કૈલાશ અને વિનોદ નગરનો સમાવેશ થાય છે. કુલ ૫૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતા, જેમાંથી ૨૬ મહિલાઓ અને ૨૫ પુરુષો હતા. આ વર્ષની શરૂઆતમાં વિધાનસભા ચૂંટણીમાં ભાજપની મોટી જીત બાદ, આ પેટાચૂંટણીને દિલ્હીના રાજકીય મૂડની પ્રથમ મોટી કસોટી માનવામાં આવી રહી છે.

દિલ્હી નગર નિગમની ૧૨ વોર્ડમાં યોજાયેલી પેટાચૂંટણીના અંતિમ પરિણામો જાહેર થઈ ગયા છે. આ પરિણામો અનુસાર, ભારતીય જનતા પાર્ટી સૌથી મોટી પાર્ટી બનીને ઊભરી છે, જેણે કુલ ૧૨માંથી ૭ બેઠકો પર કબજો કર્યો છે. આ પ્રદર્શન દર્શાવે છે કે MCDના મતદારોમાં ભાજપની પકડ મજબૂત બની રહી છે. જોકે, ભાજપને ૨ બેઠકો પર આંચકો પણ લાગ્યો છે.

૪ બેઠકોના પ્રથમ પરિણામોમાં ભાજપે ૨, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ૧-૧ બેઠક જીતી હતી. ભાજપના ઉમેદવાર અનીતા જૈને શાલીમાર બાગ બી વોર્ડમાં જીત નોંધાવી છે, જે બેઠક અગાઉ મુખ્યમંત્રી રેખા ગુપ્તા પાસે હતી. ભાજપે અશોક વિહાર બેઠક પર પણ જીત મેળવી છે અને કુલ ૭ બેઠકો જીતી છે.

આમ આદમી પાર્ટીએ ૩ બેઠકો પર જીત નોંધાવી છે, જ્યારે કોંગ્રેસ માત્ર ૧ બેઠક(સંગમ વિહાર A) જીતવામાં સફળ રહી છે. આ ઉપરાંત, એક બેઠક પર અપક્ષ ઉમેદવારે જીત મેળવી છે, જે આ પેટાચૂંટણીનું એક ચોંકાવનારું પરિણામ છે.

# રાજકોટ, દિલ્હી સહિતના વિમાની મથકો પર ચેક ઈન સીસ્ટમ ખોરવાતા હજારો મુસાફરો ફસાયા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશના વિમાની મથકો પર ફેક જીપીએસ સિગ્નલ મારફત સાયબર હુમલો થયો હતો તેવા કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલા સ્વીકારના ૨૪ કલાકમાં જ વધુ એક વખત દિલ્હીથી લઈ મુંબઈ અને હૈદરાબાદ, બેંગ્લુરુ, ચેન્નાઈ, સુરત સહિતના વિમાની મથકોએ આજે સવારે ચેક ઈન સીસ્ટમમાં એકી સાથે ક્ષતિ સર્જાતા તમામ એરપોર્ટ પર વિમાની સેવાને મોટી અસર થઈ છે અને એકી સાથે સેંકડો ફલાઈટ વિલંબમાં અથવા તો રદ કરવાની ફરજ પડી છે અને વિમાની મથકોએ જબરી અફડાતફડી જેવો માહોલ સર્જાઈ ગયો હતો.

એરઈન્ડીયા અને ઈન્ડીગો સહિતની એરલાઈન્સે તેના મુસાફરોને ચેકીંગ સીસ્ટમમાં સતત થઈ રહેલા વિલંબના કારણે નિર્ધારિત શેડયુલ કરતા વધુ વહેલા એરપોર્ટ પર પહોંચવા માટે ખાસ સલાહ આપી છે. હજુ ગત સપ્તાહે જ જે રીતે અનેક વિમાની મથકો પર જીપીએસ સ્પુફીંગના કારણે પાયલોટને ખાસ કરીને લેન્ડીંગ સમયે ફેક જીપીએસ સીગ્નલ મળતા હતા. સદનસીબે આ અંગે જો કે એરટ્રાવેલ કંટ્રોલ અને પાયલોટે વધુ સારુ સંકલન કરી લેતા ભાગ્યે જ કોઈ દુર્ઘટના નોંધાઈ હતી.

પરંતુ ગઈકાલ રાતથી જ દિલ્હી સહિતના વિમાની મથકો પર ચેક ઈન સીસ્ટમમાં જબરી ક્ષતિ ઉભી થઈ હતી. આ સીસ્ટમ યોગ્ય રીતે કામ કરતી નહી હોવાથી મુસાફરોના થર્ડ પાર્ટી ચેકીંગ સહિતના કામકાજમાં ભારે વિલંબ થયો હતો જેના કારણે ફલાઈટ પણ રવાના કરવામાં વિલંબ થતા જ જબરી અફડાતફડી મચી ગઈ હતી.

# ભાવનગરમાં આવેલી બાળકોની હોસ્પિટલવાળા કોમ્પ્લેક્ષમાં વિકરાળ આગ

### બાળકોને બારીમાંથી રેસ્ક્યુ કરીને બહાર કઢાયાઃ ભારે અફડાતફડી






**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર શહેરના કાળાનાળા વિસ્તારમાં આવેલ બાળકોની હોસ્પિટલ વાળા કોમ્પ્લેક્સમાં આજે સવારે વિકરાળ આગ ભભૂકી ઉઠતા ભારે દેકારો બચી ગયો હતો. કોમ્પલેક્ષ માં નીચે લાગેલી આગ ઉપરની હોસ્પિટલોમાં ફેલાતા હોસ્પિટલ અને લેબોરેટરીમાં રહેલ બાળકો અને દર્દીઓમાં ભારે દેકારો મચી ગયો હતો.

ફાયર બ્રિગેડ આવે તે પહેલા લોકોએ રેસ્ક્યુ કરી કેટલાક બાળકોને બચાવી લીધા હતા. બનાવની જાણ થતા જ જિલ્લા કલેકટર અને પોલીસ કાફલો બનાવ દોડી ગયો હતો.

પ્રાપ્ત થતી માહિતી મુજબ આજે સવારે શહેરના વિસ્તારમાં સમીપ કોમ્પ્લેક્સ કે જેમાં મોટાભાગે બાળકોની હોસ્પિટલ છે અને લેબોરેટરી આવેલી છે. ત્યાં આગ લાગતા અને આગ સમગ્ર બિલ્ડિંગના ઉપરના ભાગે પણ ફેલાતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

હોસ્પિટલમાં અને લેબોરેટરીમાં રહેલા બાળકો અને તેના વાલીઓ તથા સ્ટાફમાં ભારે અફડા તફડી મચી ગઈ હતી. હોસ્પિટલમાં દાખલ થયેલ બાળકો ના વાલીઓમાં ચિંતા ની લાગણી ફેલાઈ હતી. જોકે ફાયર બ્રિગેડ આવે તે પહેલા સ્થાનિક લોકોએ કેટલાક બાળકો નું રેસ્ક્યુ કરી હોસ્પિટલની બહાર ખસેડ્યા હતા.

બનાવવાની જાણ થતાં જ ફાયર બ્રિગેડનો કાફલો બનાવતા દોડી ગયો હતો અને બચાવ કામગીરી શરૂ કરી છે. જિલ્લા કલેકટર ડો. મનીષ બંસલ, તથા અન્ય અધિકારીઓ પદાધિકારીઓ બનાવ દોડી ગયા હતા. આગ સમાચાર બહાર આવતા જ જે બાળકોને હોસ્પિટલમાં દાખલ કરાયેલ છે તેના સગા સંબંધીઓ મોટી સંખ્યામાં બનાવ સ્થળે દોડી ગયા હતા. અને ચિતા ભરી પૂછપરછ કરી રહ્યા હતા.

આ લખાય છે ત્યારે હજુ પણ આગ ચાલુ છે અને ફાયર બ્રિગેડ બચાવ ની કામગીરી અને આગ ઉપર કાબુ મેળવવામાં જહેમત ઉઠાવી રહી છે.

# નાના ધિરાણ પર બેંકો દ્વારા વસુલાતા તગડા વ્યાજ સામે રિઝર્વ બેંકની લાલ આંખ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવી ધિરાણ નીતિ-વ્યાજદર નકકી કરવા માટે રિઝર્વ બેન્કની બેઠક શરૂ થઈ છે. તે પુર્વે રૂા.૨.૫૦ લાખ સુધીનાં નાના ધિરાણ પર બેંકો દ્વારા વસુલાતા તગડા વ્યાજ સામે રિઝર્વ બેન્કે કડક અભિપ્રાય અપનાવ્યો છે. કયાં આધાર પર વ્યાજદર નકકી કરવામાં આવે છે તે બેંકોએ જાહેર કરવું પડશે.માઈક્રો ફાઈનાન્સ ધિરાણ માટે બોર્ડે મંજુર કરેલી નીતિ બનાવવી પડશે. જેમાં વ્યાજદર નિયત કરવાની ફોર્મ્યુલા દર્શાવવાની રહેશે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ જારી કરેલા દિશા નિર્દેશમાં નાની લોન પર વ્યાજદર કેવી રીતે નકકી કરવામાં આવે છે તેની ફોર્મ્યુલા સાર્વજનીક કરવાની રહેશે. વ્યાજ નકકી કરતી વખતે ફંડ કોસ્ટીંગ, જોખમ, બેંકનાં નફા તથા અન્ય કાયદેસરનાં ખર્ચની વિગતો આપવાની રહેશે.

માઈક્રો ફાઈનાન્સ લોન પર લાગુ થનારા તમામ વધારાનાં ચાર્જ, પ્રોસેસીંગ ચાર્જ, ફી માટે નિશ્ચિત મર્યાદા નકકી કરવા પણ કહેવામાં આવ્યું છે. બેંકો ગ્રાહકો પાસેથી આડેધડ કે મનફાવે તેવા તગડા ચાર્જ વસુલ નહિં કરી શકે. રિઝર્વ બેન્ક આ તમામ પ્રકારનાં ચાર્જ પર નજર રાખશે.

બેંકો સામે એવી ફરીયાદો છે કે ગ્રાહકોની નાની લોન પર ધરખમ વ્યાજ વસુલવામાં આવે છે અને આ માટે મનફાવે તેવા વ્યાજદર નકકી કરવામાં આવે છે.ઉપરાંત હપ્તા ચુકવવામાં ઢીલથી તગડી પેનલ્ટી ઝીંકવામાં આવે છે.પરીણામે ગ્રાહકોને લોન ચુકવવાનું લગભગ મુશ્કેલ કે અશકય બની જાય છે.

માઈક્રો ફાઈનાન્સ કેટેગરીમાં પણ વિરોધાભાસ છે. સામાન્ય રીતે ૧૦૦૦ થી ૨.૫૦ લાખ સુધીનાં ધિરાણને નાની લોનની વ્યાખ્યામાં ગણવામાં આવે છે. છતા મોટાભાગની બેંકો ૫૦૦૦ થી માંડીને ૩ લાખ સુધીના ધિરાણને નાની લોનની શ્રેણીમાં રાખે છે. આ લોન ૩ થી ૨ મહિનાના સમયગાળા માટે અપાય છે અને ૧૫ થી ૨૬ ટકા સુધીના વ્યાજ વસુલવામાં આવે છે.

# મોરબીના મણીમંદિર પરિસરમાં ગેરકાયદેસર દરગાહનું ડીમોલેશન પૂર્ણ: ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે કામગીરી, અફવાઓથી દૂર રહેવાની અપીલ







**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના હેરિટેજ મણીમંદિર પરિસરમાં આવેલી ગેરકાયદેસર દરગાહનું વિશાળ પોલીસ બંદોબસ્ત વચ્ચે ડીમોલેશન કરવામાં આવ્યું હતું. રાજકોટ-જામનગર સહિત કુલ લગભગ ૧૦૦૦ જેટલા પોલીસ કર્મીઓના કડક બંદોબસ્ત સાથે ૧૦થી વધુ જેસીબી, ૨ હિટાચી અને ૧૦ કરતાં વધુ ડમ્પરથી અઢી કલાકમાં કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી હતી. ઘટનાને પગલે અનેક વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ અને શાંતિ જળવાઈ રહે તે માટે અપીલો કરવામાં આવી છે.

મળતી વિગતો અનુસાર, મોરબીના મણીમંદિરના પરિસરમાં વર્ષોથી ગેરકાયદેસર દરગાહ અંગે વર્ષ ૨૦૨૨માં લેન્ડ ગ્રેબિંગનો ગુનો નોંધાયો હતો. આ મામલે અગાઉ હાઈકોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવ્યો હતો, જોકે બાદમાં સ્ટે હટતા મુદ્દો ફરી પેચીદો બન્યો હતો. ત્યારે તા.૦૨ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ બપોરે આશરે ૨.૩૦ કલાકે આ ગેરકાયદેસર દરગાહનું ડીમોલેશન શરૂ કરવામાં આવ્યું હતું, તેના અડધા કલાક પહેલાં જ બેઠો પુલ સુરક્ષા કારણોસર બંધ કરી દેવાયો હતો. આ કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય પરિસ્થિતિ ન સર્જાય તે માટે મોરબી પોલીસ, રાજકોટ અને જામનગરથી બોલાવેલ વધારાના દળ સાથે કુલ ૫૦ જેટલા પોલીસ અધિકારીઓ અને લગભગ ૧૦૦૦ જેટલા પોલીસ કર્મીઓ તહેનાત રાખવામાં આવ્યા હતા. મણીમંદિર ઉપરાંત શહેરના વિવિધ વિસ્તારોમાં પોલીસના ધાડે-ધાડા ઉતારવામાં આવ્યા હતા. ૧૦થી વધુ જેસીબી, ૨ હિટાચી અને ૧૦થી વધુ ડમ્પરની મદદથી માત્ર અઢી કલાકમાં દરગાહનું દબાણ સંપૂર્ણ રૂપે દૂર કરવામાં આવ્યું હતું.

ડીમોલેશનની કામગીરી ઝડપથી પૂર્ણ થયા બાદ ખાખરેચી દરવાજા પાસે, જ્યાંથી મશીનો અને ડમ્પર લાવવામાં આવ્યા હતા, તોડાયેલી દીવાલ તાત્કાલિક ફરી ચણવાનું કામ પણ શરૂ કરવામાં આવ્યું હતું. રાત્રિના સમયે કાયદો અને વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે શહેરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. ડીમોલેશન દરમિયાન એ ડિવિઝન પોલીસ મથક પાસે મુસ્લિમ સમાજના મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. ત્યારે પોલીસ દ્વારા તેમને સમજાવીને સ્થળ પરથી દૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ મોરબી જેલ રોડ તેમજ આસપાસના વિસ્તારોમાં પોલીસે પેટ્રોલિંગ વધારીને શાંતિ જળવાઈ રહે તેની કાળજી લીધી હતી.

ડીમોલેશન બાદ મોરબી જીલ્લા પોલીસવડા મુકેશકુમાર પટેલે જણાવ્યું કે, મણીમંદિરની બાજુમાં આવેલ ગેરકાયદેસર દરગાહ સરકારી જમીન ઉપર ગેરકાયદેસર બની હતી. વર્ષ ૨૦૨૨માં નોંધાયેલા કેસમાં તેઓ કોઈ માલિકીના પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ ગયા હતા. કોર્ટ દ્વારા કેસ એબેટ થતાં જમીન પરત મેળવવા આર એન્ડ બીને હુકમ કરવામાં આવ્યો હતો. એસપી પટેલે જણાવ્યું કે, શહેરમાં બંદોબસ્ત માટે ૨૦૦-૨૫૦ બહારના પોલીસ કર્મીઓ, બહારના ૫ ડીવાયએસપી અને સ્થાનિક ૩ ડીવાયએસપી સહિત કુલ ૫૫૦ સ્થાનિક પોલીસ કર્મીઓ તહેનાત કરાયા હતા. તેઓએ મોરબીની પ્રજાને અપીલ કરી કે કોઈ પણ ખોટી દોરવણી, અફવા કે ઉશ્કેરણીજનક પ્રવૃત્તિઓથી દૂર રહેવું. સોશિયલ મીડિયામાં અફવાઓ પર વિશ્વાસ ન કરવા તથા કોઈ પણ શાંતિ ભંગ થાય તેવી પોસ્ટ ન કરવા અનુરોધ કરાયો હતો.

વધુમાં એસપીએ જણાવ્યું કે, એ ડિવિઝન પોલીસ મથક પાસે કેટલાક લોકોએ તોડફોડ કરી હતી, જેના સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલ પોલીસની પ્રથમ પ્રાથમિકતા મોરબી શહેરમાં શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવી રાખવાની છે. મોરબીમાં મણિમંદિરની બાજુમાં ગેરકાયદેસર દરગાહનું દબાણ દૂર થતા વર્ષો જૂનો વિવાદ પૂર્ણ થયો છે, જ્યારે પોલીસ તંત્ર શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે તે માટે દરેક પરિસ્થિતિને પહોંચી વળવા ચુસ્ત બંદોબસ્ત સાથે ખડેપગે રહી છે.

# ઉનના નાલીયા માંડવી ગામે મહિલા સરપંચના અધ્યક્ષ સ્થાને વિકાસના કામોની વણઝારા

## સીસીટીવી કેમેરાથી લઈ પેપર બ્લોકના કામ પૂર્ણ થયા , ગુજરાતના એક અખબાર દ્વારા એવોર્ડ પણ આપવામાં આવ્યો




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નાલીયા માંડવી ગામે મહિલા સરપંચ નસીમાબેન સુમરા દ્વારા ગ્રામ્ય વિસ્તારના વિકાસના કામો હાલ થઈ રહ્યા છે જેને લઈને તાલુકામાં ચર્ચા રહ્યું છેતાલુકાનું દરિયાકાંઠે આવેલું ગામ નાલીયા માંડવી ગામના વિકાસની વાત કરીએ ત્યારે સમગ્ર ગામમાં સી.સી રોડ ઘરે ઘરે પાણીની સુવિધા સીસીટીવી કેમેરા થી સજ્જ જ્યારે તેમની ગ્રામ પંચાયતમાં આવેલું ખંડરા ગામ જ્યાં ગલીએ ગલીએ પેપર બ્લોક નું કામ મંદિર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આવેલો એક ચોરો ત્યાં પણ પાણીની સુવિધા લાઈટની સુવિધા જેવા અનેક કામ હાલ થઈ ચૂક્યા છે જ્યારે નાલીયા માંડવી ગામમાં એક ધોબીઘાટ સીસી રોડ સીસીટીવી કેમેરા સજ્જ થયો છે તેમજ અન્ય કામો પણ હાલ મંજૂર થયા છે તાલુકા નાલીયા માંડવી ગામના સરપંચ મહિલા હોવાને કારણે ગામની સમસ્યાઓ સારી રીતે સમજે છે અને એનો તરત જ ઉકેલ લાવે છે અને ગ્રામ્ય વિસ્તારના લોકોને પીડાને સમજે છે જ્યારે તેમના તેમના પતિ એડવોકેટ રફિક ભાઈ સુમરા તેમને કાયદાનું પણ સારી રીતે જ્ઞાન છે ગુજરાત સરકારમાંથી કઈ રીતે ગ્રાન્ટ લાવી અને ગામના વિકાસના કામ કઈ રીતે કરવા બહુ ખૂબીથી જાણે છે વ્યવસાય તે એક બિલ્ડર છે તેમના પત્ની સરપંચ છે અને તેમની પત્નીને હર હંમેશા સહયોગ આપે છેતેમના પત્નીને એક ગુજરાતનો ખૂબ જાણીતું અખબાર દ્વારા એક એવોર્ડ પણ આપવામાં આવ્યો જેના લઈને આજે નાલીયા માંડવી ગામ આજે વિકાસના કામોને લઈને અગ્રેસર રહ્યું છે

# ગીર ગઢડામાં જસાધાર રેન્જ ઓપન સફારી મંજૂર કરવા તાલુકા ભાજપ પ્રમુખની રજૂઆત



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ગીર ગઢડા પંથકમાં રોજગારી વધુ વિકસે અને લોકોને રોજગાર મળી રહે તે માટે આજે ગીર ગઢડા તાલુકાના ભાજપા પ્રમુખ ધર્મેશ રખોલીયા દ્વારા વન મંત્રી ને મળી રજૂઆત કરી છે શું છે રજૂઆત આવો જોઈએ તાલુકા માં ગીર પુર્વ વન વિભાગ ધારી જશાધાર તુલશીશ્યામ પ્રવાસન રેંજ અંતર્ગત ઓપન સફારી મંજુર થયેલ હતી, પરંતુ આજદિન સુધી કાર્ય સ્થગીત કરવામાં એવેલ છે, જે વિષય અંતર્ગત જરુરી કાર્યવાહી હાથ ધરવામાં આવે અને જે કારણોસર ઓપન સફારી સ્થગીત થયેલ છે, તે બાબતો ને ધ્યાન માં લઈ અને આગળ ની પ્રક્રિયા હાથ ધરવામાં આવે તો ગીર ગઢડા તાલુકા ને ખુબ મોટો રોજગાર અને પ્રવાસન ક્ષેત્રે ફાયદો થશે, ગીર ગઢડા તાલુકો ખુબ મોટો રિઝર્વ ફોરેસ્ટ એરીયા ધરાવે છે, જેથી ગીર ગઢડા તાલુકા ની જસાધાર તુલશીશ્યામ પ્રવાસન રેંજ અંતર્ગત ઓપન સફારી મંજુર(કાર્યરત)કરવામાં આવે એવી ગીર ગઢડા તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ એડવોકેટ ધર્મેશકુમાર રખોલીયા દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# જામનગર જિલ્લામાં 'રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ' હેઠળ બાળ આરોગ્યની સઘન તપાસ હાથ ધરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) અંતર્ગત જામનગર જિલ્લાની શાળાઓમાં કરવામાં આવેલા સઘન આરોગ્ય તપાસણીમાં કુલ ૭,૪૪૧ બાળકો વિવિધ સ્વાસ્થ્ય સમસ્યાઓથી પીડિત હોવાનું નિદાન થયું હતું. જિલ્લા પંચાયત, જામનગરના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા જણાવ્યા મુજબ, RBSK ટીમનો મુખ્ય ઉદ્દેશ 'વહેલી તકે મુલાકાત, નિદાન અને સારવાર' ને લક્ષમાં રાખીને બાળકોના સ્વાસ્થ્યને સુધારવાના હેતુથી ટીમ RBSK દ્વારા શાળાના તમામ બાળકોની સઘન આરોગ્ય તપાસણી કરાઈ હતી.

સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ તબક્કે કરવામા આવેલ આરોગ્ય તપાસણી દરમિયાન મળી આવેલી સ્વાસ્થ્ય સમસ્યાઓમાં ૦ થી ૬ વર્ષના ૨૩૬ મધ્યમ તથા અતિ કુપોષિત બાળકો અને ૩૮૯ વિકાસલક્ષી વિલંબતા વાળા બાળકોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ગંભીર જન્મજાત ખામીઓ પણ મળી આવી છે, જેમાં ૬૯ જન્મજાત હૃદયની ખામી, ૧૮ જન્મજાત ત્રાંસા કે વાંકા પગ, ૧૪ જન્મજાત તૂટેલ હોઠ કે તાળવું, ૫ ન્યુરલ ટ્યુબ ડિફેક્ટ, ૩ જન્મજાત આંખની ખામી, ૨ જન્મજાત મોતિયો, ૧ જન્મજાત બહેરાશ અને ૧ બ્લડ કેન્સરનો કેસ સામેલ છે.

આમ, કુલ ૭૩૮ બાળકોમાં ગંભીર અને જન્મજાત ખામીઓનું નિદાન થયું છે.જોકે, કુલ ૭,૪૪૧ બાળકોમાંથી મોટા ભાગના ૬,૭૦૩ બાળકો અન્ય સામાન્ય બીમારીઓથી પીડિત હતા. આ સામાન્ય બીમારીઓમાં ૨,૮૩૬ ચામડીની બીમારીના કેસ, ૨,૨૫૮ દાંતના સડાના કેસ, ૯૦૭ શરદી અને ઉધરસના કેસ, અને ૬૩૩ કાનમાં રસીના કેસ નોંધાયા છે. RBSK કાર્યક્રમ અંતર્ગત, ડીલેવરી પોઈન્ટ પર જન્મેલા નવજાત શિશુનું ૨૪ કલાકમાં સ્ક્રીનીંગ અને આંગણવાડી તથા શાળાઓના બાળકોનું વર્ષમાં બે વાર સ્ક્રીનીંગ કરવામાં આવે છે. નાની-મોટી બીમારીઓની સારવાર સ્થળ પર અથવા નજીકના સરકારી દવાખાના પર કરવામાં આવે છે, જ્યારે વધુ નિદાન કે સારવારની જરૂરિયાતવાળા બાળકોને ત્વરિત ગુરુ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગર અથવા અમદાવાદની સરકારી હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. સમગ્ર જિલ્લામાં ધ્રોલ ખાતે બે, જામજોધપુર ખાતે બે, જામનગર ગ્રામ્યમાં પાંચ, જોડિયા ખાતે એક, કાલાવડ ખાતે બે અને લાલપુર ખાતે બે મળી કુલ ૧૪ RBSK ટીમો વાહન સાથે કાર્યરત છે, જે બાળ દર્દીઓના રેફરલ અને સમયસર ફોલોઅપની કામગીરી સુનિશ્ચિત કરે છે.

# મોરબીમાં પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ ઈસમ પાસા હેઠળ ડીટેઇન, લાજપોર જેલ હવાલે



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલા ઇસમને મોરબી ક્રાઈમ બ્રાન્ચે પાસા હેઠળ ડીટેઇન કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલ હવાલે કર્યો છે, જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાસા વોરંટ ઈશ્યુ થતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી જીલ્લામાં પ્રોહીબીશનના વધતા ગુનાઓ સામે કડક પગલાં લેતા જીલ્લા પોલીસ તંત્રએ એક વધુ મહત્વપૂર્ણ કાર્યવાહી હાથ ધરી છે. મોરબી સીટી બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા પ્રોહીબીશનના ગુનામાં સંડોવાયેલ ઈસમ રવિભાઈ ભુદરભાઈ પનારા ઉવ.૨૪ રહે. નળખંભા ગામ તા. થાન જી. સુરેન્દ્રનગર વાળા સામે પાસા અંતર્ગત દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવી હતી. જીલ્લા મેજિસ્ટ્રેટએ તેમના વિરુદ્ધ પાસા વોરંટ ઈશ્યુ કર્યુ હતું. આ વોરંટની બજવણી માટે એલ.સી.બી. અને પેરોલ ફર્લો સ્ક્વોડની સંયુક્ત ટીમે આરોપીની અટક કરી પાસા હેઠળ તેને ડીટેઇન કરી સુરત લાજપોર મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# ઉનાથી ઓખા રૂટની નવી બસને લીલીઝંડી આપતા ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના શહેર તાલુકા તેમજ ગીરગઢડા તાલુકાના લોકો માટે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ના પ્રયત્નોથી આજરોજ ઉના એસ.ટી.બસ સ્ટેન્ડ મુકામે ઉના થી ઓખા'' રૂટની નવી બસનું ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ના હસ્તે લીલીઝંડી આપી રીબીન કાપી અને શુભારંભ કરવામાં આવ્યું હતું. આ બસ શરૂ થવાથી ખાસ કરીને ઉના તાલુકાના માછીમાર ભાઈઓને ખુબ જ ફાયદાકારક રહેશે. આ તકે ઉના એસ.ટી.ડેપો મેનેજર મકવાણા ઉના નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, કારોબારી સમિતિના ચેરમેન ધીરુભાઈ છગા, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, ઉના શહેર પૂર્વ ભાજપ પ્રમુખ મિતેશભાઈ શાહ, શહેર ભાજપ મહામંત્રી કાંતિભાઈ છગા, કિરીટભાઈ વાજા, નગરપાલિકાના સદસ્ય વિજયભાઈ રાઠોડ, ચંદ્રેશભાઈ જોશી, પ્રતિનિધિ કાનાભાઈ બાંભણીયા, હરેશભાઈ વેકરીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.


# જામનગર પેરોલ-ફલર્લો સ્કવોડના એ.એસ.આઈ. ગજેન્દ્રસિંહ ભગવતસિંહ જાડેજાને ઉત્તમ કામગીરી બદલ સન્માન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પેરોલ ફર્લો સ્કવોડમાં ફરજ બજાવતા એ.એસ.આઈ.ગજેન્દ્રસિંહ ભગવતસિંહ જાડેજાને જનસુરક્ષા અને ઉત્કૃષ્ઠ સેવાકીય કામગીરી બદલ જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહૅન સૈની દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.તેમની ફરજ પ્રત્યેની નિષ્ઠા, સમયસર કામગીરી અને કાયદો-સુવ્યવસ્થા જાળવવામાં આપેલા યોગદાનને કારણે તેમને આ સન્માન પ્રાપ્ત થયું છે.

# મોરબી મનપાની યુસીડી શાખા દ્વારા પી.એમ. સ્વનીધી યોજના માટે બેંકર્સ વર્કશોપનું આયોજન



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પી.એમ. સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (પી.એમ. સ્વનીધી) યોજનાનો શહેરમાં વધુ પ્રચાર પ્રસાર માટે મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખાએ ડેપ્યુટી કમિશનરની અધ્યક્ષતામાં બેંકર્સ વર્કશોપનું આયોજન કર્યું હતું. યોજનાના લાભો, પેન્ડિંગ અરજીઓનો નિકાલ અને શહેરી ફેરિયાઓ સુધી લોન તથા સબસીડી સરળતાથી પહોંચે તે અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરી ફેરિયાઓને આત્મનિર્ભર બનાવવા માટે શરૂ કરાયેલ પી.એમ. સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ (પી.એમ. સ્વનીધી) યોજનાને વધુ સશક્ત બનાવવા તાજેતરમાં બેંકર્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ મોરબી મહાનગરપાલિકાના યુ.સી.ડી. વિભાગ દ્વારા આયોજન કર્યું હતું જેમાં ડેપ્યુટી કમિશનર કુલદીપસિંહ વાળા અધ્યક્ષસ્થાને રહ્યા હતા. આ યોજનામાં શહેરી વિસ્તારના સ્ટ્રીટ વેન્ડરોને બેંક મારફતે રૂ. ૧૫ હજારની વર્કિંગ કેપિટલ લોન આપવામાં આવે છે. આ લોનની સમયસર અને સંપૂર્ણ ભરપાઈ થયા બાદ લાભાર્થીઓ રૂ. ૨૫ હજાર અને પછી રૂ.૫૦ હજાર સુધીની વધુ લોન મેળવવા પાત્ર બનતા હોય છે. યોજનાની વિશેષતા તરીકે લોન પર વાર્ષિક ૭% સબસીડી આપવાની જોગવાઈ છે, જ્યારે પેમેન્ટ ટ્રાન્ઝેક્શન દ્વારા વાર્ષિક રૂ.૧,૬૦૦/- સુધીના કેશબેકની સુવિધા પણ પ્રદાન કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત, રૂ. ૨૫ હજારની લોનની સમયસર ભરપાઈ થતા બેંક દ્વારા લાભાર્થીને રૂ. ૩૦ હજારના ક્રેડિટ કાર્ડની સુવિધા પણ આપવામાં આવશે, જે તેમની વ્યાપારી જરૂરિયાતો માટે ઉપયોગી સાબિત થશે. મોરબી શહેરના વધુમાં વધુ શહેરી ફેરિયાઓ આ યોજનાનો લાભ લઇ શકે તે માટે વર્કશોપમાં બેંકો સાથે પેન્ડિંગ અરજીઓ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી. ડેપ્યુટી કમિશનરે બેંકોને ઝડપથી પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના આપી અને યોજનાની વ્યાપકતા વધારવા તંત્ર અને બેંકો વચ્ચે વધુ સહકાર જરૂરી હોવાનું જણાવ્યું હતું. સાથે જ શહેરી ફેરિયાઓને આ યોજનાના લાભો સરળતાથી પ્રાપ્ત થાય તે માટે તંત્ર દ્વારા તમામ જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવશે. વધુ માહિતી અને સહાય માટે મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી. શાખાનો સંપર્ક કરવાની વિનંતી કરવામાં આવી છે.

# મોરબી તાલુકા કક્ષાનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૪ ડિસેમ્બરના રોજ યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી લોકોની ફરિયાદોના નિવારણ માટે મોરબી તાલુકા કક્ષાએ યોજાતો ડિસેમ્બર-૨૦૨૫ માસનો ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૧૦૦ કલાકે મોરબી તાલુકા સેવા સદનના સભાખંડ, લાલબાગ, મોરબી ખાતે યોજાશે.

આ ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં તાલુકા કક્ષાના પ્રશ્નો-ફરિયાદો ૧૦ ડિસેમ્બર સુધીમાં ગ્રામ્ય કક્ષાએ તલાટી મંત્રીને તથા તાલુકા કક્ષાએ મામલતદાર કચેરીને તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ હેઠળની અરજી સ્વરૂપે પહોંચતા કરવાના રહેશે. આ અરજીના મથાળે તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ લખવાનું રહેશે. તાલુકા સ્વાગતમાં અરજી કરતા પહેલા કોઇપણ અરજદારે ગ્રામ કક્ષાનો પ્રશ્ન હોય તો ગ્રામ પંચાયતને તથા તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીને પ્રથમ લેખિતમાં અરજી કરેલ હોવી જોઇએ અને તે અનિર્ણિત હોય, અગાઉ સંબંધીત ખાતામાં કરેલ રજૂઆતનો આધાર રજૂ કરવો તેમજ આપવામાં આવેલ જવાબ/પ્રત્યુત્તરની ઝેરોક્ષ નકલ અરજી સાથે રાખવી.

અરજદારે અરજીમાં પોતાનું નામ, સરનામુ અને ફોન નંબર પણ દર્શાવવાના રહેશે. અરજીમાં અરજદારની સહી હોવી જરૂરી છે. સ્પષ્ટ અને મુદ્દાસરની સમજી શકાય તેવી આધારો સાથે રજૂ કરેલી અરજી ધ્યાને લેવાશે. ઉપરાંત અલગ-અલગ વિષય દર્શાવતા પ્રશ્નો, અલગ-અલગ અરજીઓમાં મોકલવાનાં રહેશે. સરકારી કર્મચારીઓનાં નોકરીને લગતા પ્રશ્નો આ કાર્યક્રમ હેઠળ રજૂ કરી શકાશે નહીં. અરજકર્તાનો પ્રશ્ન પોતાનો હશે તો જ ધ્યાને લેવાશે અન્યના પ્રશ્ન, કોર્ટ મેટરને લગતા પ્રશ્નો, દાવાઓ, આક્ષેપો તથા અંગત રાગદ્વેષને લગતા પ્રશ્નો તથા અગાઉ તાલુકા ફરિયાદ નિવારણ કાર્યક્રમ માં લેવાઈ ગયેલા પ્રશ્નો રજૂ કરી શકાશે નહીં કે ધ્યાને લેવાશે નહી જેની અરજદારોને નોંધ લેવા મોરબી મામલતદાર - ગ્રામ્યની યાદીમાં જણાવાયું છે.

# ગુજરાતનાં સ્ટુડન્ટ્સ - ક્રિએટિવ સ્પાર્ક સ્પર્ધામાં જોડાઓ, સર્જન કરો અને ઇનામ જીતો! - ક્રિએટિવ સ્પાર્ક -2026 – Go Grab It !

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ એડ્વર્ટાઈઝિંગ સર્કલ એસોસિએશન (AACA) અને ગુજરાત યુનિવર્સિટી - સેન્ટર ફોર પ્રોફેશનલ કોર્સીસ (GUCPC) દ્વારા ક્રિએટિવ સ્પાર્ક ૨૦૨૬ ગુજરાતના યુવા સર્જકો માટે એક વિશિષ્ટ સર્જનાત્મક સ્પર્ધા જાહેર કરવામાં આવી છે.

વિદ્યાર્થીઓ નીચેના બે વિષયોમાં પોતાનું સર્જન મોકલી શકે છેઃ સ્પોર્ટ સિટી અમદાવાદ ૨૦૩૬ - ભવિષ્યની કલ્પના., Future in Our Hands -ટેક્નોલોજી, પ્રકૃતિ અને માનવતાનું સંતુલન



સ્પર્ધાની કેટેગરીઝઃ ડિજિટલ કલાત્મક સર્જન (A3 કદ, PDF ફાઇલ)., ડિજિટલ વિડિયો (૩૦ સેકન્ડ, MP4 ફાઇલ).

સ્પર્ધામાં કુલ ૪૦,૦૦૦ ના રોકડ પુરસ્કાર અને તમામ ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

અંતિમ તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ઃ રજીસ્ટ્રેશન અને એન્ટ્રી સબમિશન https://mediaawards.adcircle.in/creative-spark/., મહત્વપૂર્ણ તમામ સર્જનો સંપૂર્ણ મૂળ હોવા જોઈએ. AI દ્વારા બનાવેલા ચિત્રો અથવા વિડિયો માન્ય ગણાશે નહીં.

વધુ માહિતી માટે સંપર્ક કરોઃ Ahmedabad Advertising Welfare Circle Association (AACA), ૮૭૯૯૩ ૧૩૩૧૯ media@adcircle.in

# હળવદમાં બાઈકચાલક વેપારીની આંખમાં મરચું નાખી સાત લાખની લૂંટ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના રાણેકપર રોડ નજીક ગઈકાલ મોડી સાંજે આશરે ૭.૪૫ વાગ્યે માર્કેટિંગ યાર્ડના વેપારીને નિશાન બનાવતા બે અજાણ્યા શખ્સોએ આંખમાં મરચું નાખી સાત લાખ રૂપિયાનો થેલો છીનવી ફરાર થઈ ગયા હતા. બનાવની જાણ થતાં પોલીસ સાથે સ્થાનિક લોકો પણ લૂંટારૂઓની શોધખોળમાં જોડાયા હતા.

હળવદ શહેરમાં મોડી સાંજે બનેલી એક ગંભીર લૂંટની ઘટનાએ શહેરમાં ચકચાર મચાવી છે. રાણેકપર રોડ પર સ્થિત આનંદ બંગલો સોસાયટીમાં રહેતા રજનીભાઈ નામના વેપારી માર્કેટિંગ યાર્ડમાંથી પોતાની દૈનિક વેપારની રકમ લઈને ઘરે પરત ફરી રહ્યા હતા. તે સમયે બે અજાણ્યા શખ્સોએ અચાનક રજનીભાઈની આંખમાં મરચું નાખી, તેમની પાસે રહેલો રૂપિયા ૭ લાખ ભરેલો થેલો ઝૂંટવી લીધો અને ફરાર થઈ ગયા હતા. બનાવ આનંદ બંગલો નજીક જ બન્યો હોવાથી આસપાસના લોકો ત્યાં દોડી આવ્યા હતા. લૂંટની જાણ થતા સ્થાનિક પોલીસે તરત જ ઘટનાસ્થળનો ઘેરાવો કરી પ્રાથમિક તપાસ હાથ ધરી હતી. જ્યારે લોકોના ટોળેટોળા પણ લૂંટારૂઓની શોધખોળ માટે નીકળ્યા હતા. હાલ હળવદ પોલીસે સમગ્ર ઘટના મામલે ભોગ બનનારની કાયદેસરની ફરિયાદ લેવા તજવીજ હાથ ધરી છે.

# હળવદમાં આર્થિક સંકડામણને કારણે આધેડનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદના આનંદ પાર્ક સોસાયટી-૧ ખાતે સોની કામનો ધંધો ન ચાલવાથી આર્થિક સંકટમાં મુકાયેલા ૪૩ વર્ષીય આધેડે પોતાના ઘરે ગળાફાસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. ઘટનાને લઈને પોલીસે અ. મોતની નોંધ કરી છે.

હળવદ શહેરમાં આનંદ પાર્ક સોસાયટી-૧ ખાતે રહેતા ચિરાગભાઈ રજનીકાંતભાઈ ઝિઝુવાડીયા ઉવ.૪૩ કે જેઓ સોની કારીગરીનો વ્યવસાય કરતા હતા. છેલ્લા કેટલાક સમયથી તેમની દુકાનનું કામ બરાબર ન ચાલતું હોવાથી તેઓ સતત આર્થિક સંકટ અને માનસિક તાણ હેઠળ જીવી રહ્યા હતા. ત્યારે આર્થિક સંક્રમણ અને માનસિક બોજાને કારણે મનોમન લાગી આવતા ચિરાગભાઈએ ગત તા.૨૬/૧૧ના રોજ બપોરે કોઈપણ સમયે પોતાના ઘરમાં છત પર લગાવેલા પંખા સાથે દોરી બાંધી ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. હાલ હળવદ પોલીસે મૃતકના પત્ની શીતલબેન પાસેથી પ્રાથમિક વિગતો મેળવી મૃત્યુના બનાવ અંગે અ.મોત દાખલ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# મકરસંક્રાંતિ પર્વની ઉજવણી અન્વયે પોલીસ કમિશ્નરે જારી કરેલા પ્રતિબંધાત્મક આદેશો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં મકરસંકાંતિ અને તેની નજીકના દિવસોમાં બાળકો તેમજ મોટેરાઓ પતંગ અને દોરા લૂંટવા જાહેર માર્ગો ઉપર દોડાદોડી કરે છે. જેના કારણે અકસ્માતો સર્જાય છે અને રાહદારીઓને ગંભીર ઇજાઓ થાય છે. તેને નિવારવા અને ટ્રાફીકની અવર જવરને અવરોધના નિવારણ અર્થે રાજકોટ પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશ કુમાર ઝા દ્વારા હુકમ પ્રસિધ્ધ કરી તા.૦૭/૧૨/૨૦૨૫થી તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી પતંગો ઉડાડવામાં સાવચેતી કે તકેદારી રાખવા નીચે દર્શાવ્યા મુજબના કૃત્યો કરવાની મનાઇ ફરમાવી છે.

(૧) કોઇ પણ વ્યકિતએ જાનનું જોખમ થાય તે રીતે જાહેર પાર્ગ રસ્તા / ફૂટ પાથ તેમજ ભયજનક ધાબા પર પતંગ ઉડાડવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૨) પતંગ ચગાવવા (ઉડાડવા) માટે વપરાતી નાયલોન દોરી કે જે નાયલોન, સીન્થેટીક મટીરીયલ, કે સીન્થેટીક પદાર્થથી કોટેડ કરેલ હોય અને નોન-બાયોગ્રેડેબલ હોય તે ચાઇનીઝ દોરી મેળવવા. સંગ્રહ કરવા, વેચાણ કરવા, અને તેનાથી પતંગ ચગાવવાના ઉપયોગ કરવા પર.તેમજ પતંગ ઉડાડવાથી કપાયેલ પતંગ/દોરી પકડવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૩) કોઇ પણ પ્રકારના સીન્થેટીક પ્રકારના દોરા, સુતરાઉ દોરા કે બીજા કોઇ પણ પ્રકારના દોરા લોખંડનો પાઉડર અથવા કાચનો ભુકો/પાઉડર કે અન્ય કોઇ પણ નુકશાનકારક પદાર્થ ચઢાવવામાં આવી તૈયાર કરવામાં આવેલ હોય તેવા દોરા મેળવવા, સીન્થેટીક મટીરીયલ કોટીંગ થ્રેડ ખરીદવા, વેચાણ કરવા, તેનો ઉપયોગ કરવા, ઉત્પાદન કરવા, કે તેનાથી પતંગ ચગાવવા/ઉડાવવા માટે તેનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૪) ઓનલાઇન પ્લેટફોર્મ મારફત વેચાતા ચાઇનીઝ માંઝા, પ્લાસ્ટિક દોરી/ ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડ/ ચાઇનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) વેચવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૫) સીન્થેટીક માંઝા/નાયલોન દોરી અથવા તેના જેવા સીન્થેટીક કોટેડ દોરાની આયાત પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૬) સવારના કલાક ૬ થી ૮ તથા સાંજના ૬ થી ૮ના સમયગાળા દરમ્યાન પક્ષીઓ તેમના માળામાંથી બહાર તથા પરત માળામાં આવવાનો સમય હોવાથી તે દરમ્યાન પતંગના દોરાથી પક્ષીઓ ઘાયલ તથા ઈજાગ્રસ્ત થાય છે. તેથી તે સમયગાળા દરમ્યાન પતંગ ઉડાવવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૭) ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટર્ન, સ્કાય લેન્ટર્ન, ઉડાડવા, ખરીદવા, આયાત કરવા, વેચાણ કરવા, કબજા કરવા, સંગ્રહ કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૮) આમ જનતાને ત્રાસ થાય તે રીતે ખુબ જ મોટા અવાજમાં ધાર્મિક લાગણી દુભાય તેવા ગીત કે સંગીત વગાડવા ઉપર કે ભાષણો કે પ્રવચનો કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

(૯) આમ જનતાની લાગણી દુભાય તે રીતે પતંગ ઉપર ઉશ્કેરણીજનક લખાણો લખી પતંગ ઉડાડવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

સ્પષ્ટીકરણ ''પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચોખાના લોટ, મેંદો, છોડ આધારીત ગુંદર અને અન્ય સામાન કુદરતી ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચના પાવડરનું કોટિંગ કરેલ ઓછી તીક્ષ્ણ-શક્તિ ધરાવતો કોટનનો માંજો, જે સંપૂર્ણપણે તૂટી શકે તેવો હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલ હોય તથા તેમાં તમામ ઘટકો બાયો-ડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ. કોટનના દોરા પર કોટિંગ માટેનો કાચનો પાવડર ૧૦%થી વધુ ન હોવો જોઈએ, જ્યારે ઉકાળેલા ચોખાનો સ્ટાર્ચ ૩૦%, મેંદો ૩૬%. કુદરતી ગુંદર અને રંગ ૨૪% કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર, જે કોટિંગ પદાર્થનો ૧૦% હોઈ શકે છે. પરંતુ, તે કોટનના માંજાના કુલ વજનના ૦.૫% થી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે.'' આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ફોજદારી અધિનિયમ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# સ્ટાફ સીલેકશન કમિશનની પરીક્ષા સંદર્ભે પોલિસ કમિશ્નરે જારી કરેલા આદેશો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા તા.૦૩ અને ૦૪ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૯થી સાંજે ૬ વાગ્યા સુધી બે શિફ્ટમાં જુનિયર એન્જીનીયર(Junior Engineer) (Civil, Mechanical, Electrical)૨૦૨૫ની તથા સબ ઈન્સ્પેકટર ઈન દિલ્હી પોલીસ (Sub-Inspector in Delhi Police and Central Armed Police Forces)૨૦૨૫ની પરીક્ષા તા.૦૯, ૧૦, ૧૧ ડીસેમ્બર ૨૦૨૫ એમ ત્રણ દિવસ સવારના પહેલી શીફ્ટ ૧૦ થી ૧૨, બીજી શીફ્ટ ૩થી ૫ વાગ્યા સુધી યોજાશે. આ બંને પરીક્ષાઓ રાજકોટ શહેરમાં ફ્યુચર ઈન્ફોટેક, ૪થો માળ, વેસ્ટ ગેટ-૨ બિલ્ડીંગ, અયોધ્યા ચોક, ૧૫૦ ફુટ રોડ ખાતે યોજાશે, જે સંદર્ભે પોલીસ કમિશ્નરશ્રી બ્રિજેશ કુમાર ઝા દ્વારા નીચે મુજબના આદેશો જારી કરવામાં આવ્યા છે.

(૧) રાજકોટ શહેરના જે-જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નકકી કરવામાં આવેલ છે. તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન અને ફેકસ મશીન ચાલુ રાખશે નહી કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી. અને ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇ વ્યકિત વાહનો લાવશે નહી કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહીં. તેમજ શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહી.

(૩)પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઇડ, ચાર્ટ, મોબાઇલ ફોન, ટેબ્લેટ, આઈ-પેડ, સ્માર્ટ વોચ જેવા ડીજીટલ ઉપકરણો ઈલેકટ્રોનીક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઇ જવા નહી તેમજ સુપરવાઇઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઇ જવા નહી.

(૪) શાળા-કોલેજોના સ્થળ સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઇપુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે અને તે ઓળખકાર્ડ સબંધિતોએ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઇપણ વ્યકિત પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરી શકશે નહી. શાળા(પરીક્ષા કેન્દ્ર)આજુબાજુની ૨૦૦ મીટરની ત્રિજયામાં લાઉડસ્પીકર વગાડી શકાશે નહી. સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહી.), કોઈ લગ્નના વરઘોડાને, કોઈ સ્મશાન યાત્રાને, ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આ ર.ડી.ના અધિકારી તથા જવાનોને આ હુકમમાંથી મુક્તિ આપવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

# આર.ટી.ઓ. દ્વારા મોટર કાર વાહનો માટે જીજે૦૩પીએમ અને અગાઉની સિરીઝનું રી-ઓકશન કરાશે

## ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા ઈચ્છુક વાહનધારકોને અરજીઓ કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, રાજકોટ દ્વારા મોટર કાર પ્રકારના વાહનો માટે જી જે ૦૩ પીએમ અને અગાઉની સિરીઝની રી-ઓક્શનની પ્રક્રિયા તા.૦૮/૧૨/૨૦૨૫થી શરૂ કરવામાં આવશે. આ સિરીઝ માટે ગોલ્ડન-સિલ્વર નંબર મેળવવા ઈચ્છુક વાહનચાલકો તેમના વાહનોનું parivahan.gov.in/fancy પર ઓનઆઈન રજિસ્ટ્રેશન કરીને રી-ઓક્શનમાં ભાગ લઈ શકશે.

આ સિરીઝના ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબર મેળવવા માટે તા.૦૮/૧૨/૨૦૨૫થી તા.૧૧/૧૨/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેમજ તા.૧૧/૧૨/૨૦૨૫થી તા. ૧૩/૧૨/૨૦૨૫ના રોજ સાંજે ૪ કલાક સુધીમાં ઓનલાઈન ઓક્શનમાં બિડિંગ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, તા.૧૩/૧૨/૨૦૨૫ના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે. આ માટે વાહનોનું રજિસ્ટ્રેશન કરાવેલું હોવું જરૂરી છે. વાહન વેચાણ તારીખથી સાત દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલું હોવું ફરજિયાત છે. સમયમર્યાદા બહારની અરજી ધ્યાને લેવાશે નહીં, તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ જિલ્લામાં ૭ ડિસેમ્બર સુધીમાં સુકું, ચોખ્ખું હવામાન રહેવાની શક્યતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ૦૭ ડિસેમ્બર સુધીમાં સુકું તથા ચોખ્ખું હવામાન હવામાન રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી હવામાન માહિતી અનુસાર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજકોટ જિલ્લામાં ૦૩થી ૦૭ ડિસેમ્બર દરમિયાન વરસાદની શક્યતા નથી.

આ સમયગાળામાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૨થી ૩૩ ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન રાત્રિ તાપમાન ૧૪-૧૫ ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે. મહત્તમ ભેજનું પ્રમાણ ૬૫-૭૫ ટકા તથા લઘુતમ ભેજનું પ્રમાણ ૩૦-૩૫ ટકા રહી શકે છે. પવનની દિશા ઈશાન, ઉત્તરની રહેવાની અને પવનની ઝડપ ૧૧થી ૧૩ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

# રાજકોટ તાલુકાની શાળાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ ઝળક્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્ય ખેલકુદમાં અગ્રેસર રહે તે માટે સરકાર વિવિધ યોજનાઓ અમલી બનાવી છે, જેના પરિણામસ્વરૂપે રાજ્યના અનેક યુવાઓ ખેલકૂદમાં અનેરી સિદ્ધિ પ્રાપ્ત કરી રહ્યા છે. રાજકોટ તાલુકાની શ્રી ખીજડીયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભમાં જિલ્લા અને તાલુકા કક્ષાએ ઝળક્યા હતા. આ સ્પર્ધામાં શ્રી ખીજડીયા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ કબડ્ડી, ખો-ખો, લાંબી કુદ, ૪૦૦ મીટર દોડ,૨૦૦ મીટર દોડ, સ્ટેન્ડિંગ બ્રોડજંપ, ઉંચી કુદ,ચક્ર ફેક સહિતની રમતોમાં અંડર-૯,૧૪,૧૭ના ખેલાડીઓએ જિલ્લા અને તાલુકા કક્ષાએ ભાગ લીધો હતો.

જેમાં અંડર ૧૪ ઝોન કક્ષાની કબડ્ડી સ્પર્ધા માટે ચાર વિદ્યાર્થીઓ પસંદગી પામેલા છે. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં અંડર ૧૪ કબડ્ડી કન્યાની બે ટીમ પ્રથમ અને તૃતીય ક્રમાંક હાંસિલ કર્યો છે, ખો-ખો કન્યાની ટીમ પ્રથમ ક્રમાંકે, લાંબી કુદમાં પ્રથમ ક્રમાંકે, ૪૦૦ મીટર દોડ, ઉંચી કુદમાં દ્વિતીય ક્રમે, ૨૦૦ મીટર દોડમાં તૃતીય ક્રમાંકે વિજેતા જાહેર થયા હતા. આ ખેલ મહાકુંભમાં તાલુકા કક્ષાએ અંડર ૦૯, અંડર ૧૪, અંડર ૧૭ના ૨૧ ખેલાડીઓએ સ્ટેન્ડિંગ બ્રોડ જંપ, ૧૦૦થી ૬૦૦ મીટર દોડ સ્પર્ધા, લાંબી કુદ, ઉંચી કુદ સહિતની સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવી શાળા અને ગામનું ગૌરવ વધાર્યું છે. શાળાના આચાર્ય શ્રી રામદેવસિંહ જાડેજા, કોચ શ્રી વનરાજભાઈ મિયાત્રા અને શિક્ષકોએ તથા સાથી વિદ્યાર્થીઓ મિત્રોએ વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

# લાલપુર ITI ખાતે એઇડ્સ, ટીબી અને નશા મુક્ત ભારત અભિયાન પર જાગૃતિ કાર્યક્રમો યોજાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

લાલપુર તાલુકાની ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે વિશ્વ એઇડ્સ દિવસની વિશેષ ઉજવણીના ભાગરૂપે એક વિસ્તૃત જાગૃતિ અને પ્રશ્નોત્તરી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓને એચ.આઈ.વી. એઇડ્સ, ટીબી મુક્ત ભારત અભિયાન, અને નશા મુક્ત ભારત અભિયાન અંગે સચોટ માહિતી આપી તેમને જાગૃત કરવાનો પ્રેરક પ્રયાસ કરાયો હતો.આ સેમિનારમાં આરોગ્ય વિભાગના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને નો ફેલાવો અને ગેરમાન્યતાઓ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. HIV નું સંક્રમણ અસુરક્ષિત યૌન સંબંધ, ચેપગ્રસ્ત સોય કે સિરીંજનો ઉપયોગ, ચેપગ્રસ્ત લોહી ચઢાવવાથી, તેમજ HIV ચેપ ધરાવતી માતા દ્વારા ગર્ભાવસ્થા કે સ્તનપાન દ્વારા બાળકને થઈ શકે છે. જોકે, હાથ મિલાવવાથી, સાથે ભોજન લેવાથી, વાસણોનો સહિયારો ઉપયોગ કરવાથી, ઉધરસ ખાવાથી કે મચ્છરના કરડવાથી HIV પ્રસરતો નથી. HIVના સામાન્ય લક્ષણોમાં તાવ, થાક, માથાનો દુખાવો, સાંધામાં દુખાવો, ત્વચા પર ફોલ્લીઓ, ઊબકા, ઊલટી, ઝાડા અને રાત્રે પરસેવો થવો વગેરેનો સમાવેશ થાય છે.વક્તાઓએ સમજાવ્યું કે HIV વાયરસ મનુષ્યની રોગપ્રતિકારક શક્તિ પર હુમલો કરીને તેને નબળી પાડે છે, જેના કારણે ટીબી થવાની સંભાવના સૌથી વધુ રહે છે. આથી, આરોગ્ય વિભાગ દ્વારા તમામ HIV દર્દીઓ માટે ટીબી રોગના રિપોર્ટ ફરજિયાત કરવામાં આવ્યા છે. ટીબી ન જણાય તો પણ ભવિષ્યમાં રોગ અટકાવવા માટે તેમને ટી.પી.ટી. આપવામાં આવે છે. ટીબીના મુખ્ય લક્ષણોમાં બે અઠવાડિયાથી વધુ સમયની ખાંસી, ગળફામાં લોહી આવવું, ભૂખ ન લાગવી, વજન ઘટવો અને સાંજના સમયે હળવો તાવ કે પરસેવો થવો નો સમાવેશ થાય છે. વધુમાં, HIVનો કોઈ ચોક્કસ ઉપાય ન હોવા છતાં, એન્ટી રેટ્રો થેરાપી સારવાર દ્વારા વાયરસને નિયંત્રણમાં રાખી શકાય છે, જેનાથી HIV ધરાવતા વ્યક્તિઓ લાંબુ અને સ્વસ્થ જીવન જીવી શકે છે.

આરોગ્ય નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને નશા મુક્ત ભારત અભિયાન હેઠળ વ્યસન મુક્તિનું મહત્વ સમજાવ્યું અને એક સ્વસ્થ, સુરક્ષિત તેમજ પ્રગતિશીલ સમાજ માટે નશાથી દૂર રહેવાનો સંદેશ આપ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. નુપુર પ્રસાદ અને ઇન્ચાર્જ જિલ્લા ક્ષય અધિકારી ડો. ધીરેન પીઠડીયાના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો.

કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા પી.પી.એમ. કોર્ડીનેટર ચિરાગ પરમાર, ડી.પી.એસ. વિકુન્દ રાઠોડ, અને લાલપુર તાલુકાના ટીબી સુપરવાઇઝર પરેશ ભારાઇ દ્વારા વિદ્યાર્થીઓને વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત, લાલપુર ITI સંસ્થાના પ્રિન્સીપાલ નીતિનભાઈ ચનીયારા, વાઇસ પ્રિન્સીપાલ હરદેવસિંહ જાડેજા, સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર્સ મેહુલભાઈ જાની, પ્રીતેશભાઈ જોષી, અને નીરજભાઈ દવેએ કાર્યક્રમને સફળ બનાવવા માટે સક્રિય સહકાર આપ્યો હતો.

# ખેલ મહાકુંભ અન્વયે ખો-ખો સ્પર્ધામાં રાજકોટની બહેનોની ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત રાજ્યના યુવાનો રમતગમત ક્ષેત્રે હમેશા આગળ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેલ મહાકુંભ જેવા કાર્યક્રમો યોજવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપે યુવાનોમાં ખેલ જગત પ્રત્યે અનેરો ઉત્સાહ જોવા મળે છે.

ખેલ મહાકુંભ-૨૦૨૫ અન્વયે સૌરાષ્ટ્ર ઝોન કક્ષાની ઓપન ખો-ખો બહેનોની સ્પાર્ધાનું આયોજન પહેલી ડીસેમ્બરે લીંબડી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટની ડીસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટ્સ સ્કુલની ટીમ મોરબીની ટીમ સામે શાનદાર પ્રદર્શન કરી ફાઇનલમાં વિજેતા બની હતી. આ ટીમ આગામી સમયમાં રાજ્ય કક્ષાની ખો-ખો સ્પર્ધામાં ભાગ લેશે.

# ''વિશ્વ દિવ્યાંગ દિવસ નિમિત્તે દિવ્યાંગ વ્યક્તિઓનું સન્માન કરાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

''વિશ્વ દિવ્યાંગ દિવસ''ની ઉજવણી તા.૦૩ ડિસેમ્બરના રોજ રાજકોટના કાલાવાડ રોડ સ્થિત પાણીના ટાંકાની સામે, માનસિક ક્ષતિવાળા બાળકોના ગૃહ ખાતે સવારે ૧૦.૦૦ કલાકે કરવામાં આવશે. આ કાર્યક્રમમાં દિવ્યાંગ વ્યક્તિઓ દ્વારા થયેલી ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજકોટ જિલ્લાના એડિશનલ કલેકટરના હસ્તે તેઓને સન્માનિત કરવામાં આવશે. તેમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# વાયુ સેના અને રાજકોટ મનપા દ્વારા અટલ સરોવર વિસ્તારમાં ''સૂર્યકિરણ એર-શો અને સંલગ્ન પ્રદર્શન''નું આયોજન




તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય વાયુ સેના અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા,૦૭ને રવિવારના રોજ સવારે ૧૦૦૦ અટલ સરોવર આસપાસના સ્માર્ટ સીટીના વિસ્તાર (અટલ સરોવર ફરતે) ના આકાશમાં અદભુત ''સૂર્યકિરણ એર-શો, એરફોર્સ બેન્ડનું પરફોર્મન્સ અને શસ્ત્ર પ્રદર્શન'' યોજાશે. આ ઉપરાંત એક દિવસ અગાઉ એટલે કે તા.૦૬-૧૨-૨૦૨૫ને શનિવારના રોજ સવારે ૧૦૦૦ કલાકે સૂર્યકિરણ એર-શોનું ફૂલ ડ્રેસ રિહર્સલ પણ યોજાનાર છે. આ આયોજન અનુસંધાને આજે તા,૦૩-૧૨-૨૦૨૫ના રોજ અટલ સરોવર ખાતે . મેયર શ્? નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ પત્રકાર પરિષદમાં માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ ડૉ. માધવભાઈ દવે, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા ઉપસ્થિત રહ્યા હતા. સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન જયમીનભાઈ ઠાકરે ઉપસ્થિત સૌને આવકારી પત્રકાર પરિષદનો શુભારંભ કરાવ્યો હતો.

આ પત્રકાર પરિષદને સંબોધન કરતા મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, ભારતના ગૌરવ અને શૌર્યની પ્રતીક એવી ભારતીય વાયુ સેનાની સૂર્યકિરણ એરોબેટિક ડીસ્પ્લે ટીમ દિલધડક અવકાશી પરફોર્મન્સ પ્રદર્શિત કરી શહેરીજનોને મંત્રમુગ્ધ કરી દેશે.

તેમણે વધુ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ એરશો દરમ્યાન જામનગરથી ઉડાન ભરનાર ૯ કે તેથી વધુ પ્લેનની ટીમ સ્માર્ટ સીટી એરિયા ઉપર એરોબેટિક ડીસ્પ્લે રજુ કરશે. થોડા સમય પૂર્વે દુબઈમાં યોજાયેલ એરશોમાં પણ સૂર્યકિરણ ટીમ દ્વારા પરફોર્મન્સ આપવામાં આવ્યું હતું. સામાન્ય રીતે એરશોનો સમયગાળો ૩૦ મીનીટ જેવો હોય છે પરંતુ રાજકોટમાં એક કલાક જેવો સમય ફાળવવામાં આવ્યો છે. સાથોસાથ એરફોર્સ બેન્ડની સુરાવલી સાંભળવાની પ્રથમવાર તક મળે તે પણ ગૌરવની વાત છે.

વાયુ સેનાના નવ જેટલા વિમાનો દ્વારા આકાશમાં એક કલાક દિલધડક સ્ટંટ રાજકોટવાસીઓના મન મોહી લેશે. યુવાઓમાં એરફોર્સમા કારકિર્દી અંગે ઉત્સાહ વધારવા એર શોનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર અટલ સરોવર ફરતે સ્માર્ટ સિટી વિસ્તારમાં આ એર શો સારી રીતે નિહાળી શકાશે. લોકો સારી રીતે એર શો નિહાળી શકે તે માટે અટલ સરોવર બહાર બેસીને અથવા ઊભા રહી શકે તે રીતે વ્યુઈંગ સ્થળો જાહેર કરવામાં આવશે. લોકોની સેફટી માટે બીઆરટીએસ કોરિડોર ખાલી રાખવા તથા લોકોને વ્યવસ્થાપનના ભાગરૂપે બે કલાક પહેલા સ્થળ પર પહોંચી જવા અનુરોધ કરવામાં આવે છે.

વિશેષમાં મ્યુનિસિપલ કમિશનરએ એક મહત્વપૂર્ણ બાબત વિશે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગરુડ કમાન્ડોના શસ્ત્રોનું પણ પ્રથમ વખત પ્રદર્શન યોજાનાર છે.

તેમણે જાહેર જનતાને ખાસ અપીલ કરતા એમ જણાવ્યું હતું કે, સ્માર્ટ સીટી એરિયામાં અટલ સરોવરની આસપાસના રસ્તાઓ પર જુદી-જુદી જગ્યાએ વ્યુઈંગ એરિયા નક્કી કરવામાં આવી રહ્યા છે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આ પ્રકારના સ્થળોનો નકશો તૈયાર કરી લોકોને શેર કરવામાં આવશે, જ્યાં લોકો રસ્તા પર કે આજુબાજુના ખુલ્લા પ્લોટમાં ઉભા રહીને અને બેસીને પણ એરશો નિહાળી શકશે.

તેમણે એમ પણ કહ્યું હતું કે, ભારતીય વાયુ સેના દ્વારા રાજકોટમાં એરશો ઉપરાંત એરફોર્સ બેન્ડ અને ડીફેન્સના હથિયારોનું પ્રદર્શન એમ ત્રણ પ્રકારના ડિસ્પ્લેની મંજૂરી આપવામાં આવેલ હોઈ, રાજકોટ મહાનગરપાલિકા ભારતીય વાયુ સેનાનો આભાર વ્યકત કરે છે.

શું છે સૂર્ય કિરણ એરોબેટીક ટીમ?: સૂર્યકિરણ એ ભારતીય વાયુ સેનાની એરોબેટીક ડિસ્પ્લે ટીમ છે. આ ટીમમાં કુલ ૯ ૧૩૨ એરક્રાફ્ટ શામેલ છે, જે કર્ણાટકના બિદર એરબેઝથી ઓપરેટ કરે છે. આ એરોબેટીક ટીમ સમગ્ર દક્ષિણ એશિયાની એકમાત્ર એરોબેટીક ડિસ્પ્લે ટીમ છે અને વિશ્વની સર્વશ્રેષ્ટ એરોબેટીક ટીમની યાદીમાં ઉચ્ચ સ્થાન અને વિશ્વાસનિયતા ધરાવે છે.

પ્રદર્શનઃ સૂર્ય કિરણ ટીમ દેશ વિદેશમાં વિવિધ પ્રસંગોએ એર શો નિદર્શન કરે છે અને ભારતીય વાયુ સેનાનું પ્રતિનિધિત્વ કરે છે. ભારતમાં તેનું નિદર્શન યુવા પેઢીમાં દેશ પ્રેમની ભાવના જાગૃત થાય, નવયુવાનો ભારતીય સૈન્ય સેવાઓ જેમ કે ભાર-તીય વાયુ સેના, ઇન્ડિયન આર્મી, ઇન્ડિયન નેવી, અગ્નિવીર જેવામાં જોડાય તે માટે પ્રેરિત કરે છે.

- સૂર્ય કિરણ ટીમ દ્વારા દેશની વિવિધ જગ્યાઓ જેમ કે કેવડીયા ખાતે સ્ટેચ્યું ઓફ યુનિટી, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે વર્લ્ડ કપના આયોજનમાં, ભોજ તાલ - ભોપાલ, પિન્ક સિટી જયપુર, ડિંડીગુલ ખાતે પરેડ મેદાન, નેશનલ ડિફેન્સ એકેડમી, એર ફોર્સ એકેડમી એમ વિવિધ સ્થાનો પર એર શો કરેલ છે.

- ઉલ્લેખનીય છે કે આ વિમાન ઉડાડતી વખતે અને ખાસ કરીને દિલધડક સ્ટંટ કરતી વખતે પાઇલોટ દ્વારા ૫ -૬ જેટલો ગુરુત્વ પ્રવેગનો અનુભવ થાય છે.

સૂર્યકિરણના એડવાન્સ વિમાનો વિવિધ ફ્લાઈટ ડિઝાઇન અને પેટર્ન બનાવવા માટે એરોસોલનો ઉપયોગ કરે છે. વિમાન ૧૫૦ કિમી/કલાક (૯૩ માઇલ પ્રતિ કલાક) થી ૬૦૦ કિમી/કલાક (૩૭૦ માઇલ પ્રતિ કલાક) ની ઝડપે ઉડે છે અને દાવપેચ કરતી વખતે ૧,૧૦૦ કિમી/કલાક (૬૮૦ માઇલ પ્રતિ કલાક) સુધીની ઝડપે પહોંચી શકે છે. દાવપેચ પાઇલટ્સને +૬ અને -૧.૫ વચ્ચે વૈકલ્પિક જી-ફોર્સનો (ગુરુત્વા કર્ષણબળ) સામનો કરવો પડે છે.

સૂર્ય કિરણ એરોબેટિક ટીમએ ભારતીય વાયુસેનાનું ખાસ એરોબેટિક્સ સ્કવોડ્રન છે, જે લાલ અને સફેદ -૧૩૨ ટ્રેનર જેટ ઉડાવવા માટે જાણીતું છે. તેમના એર શોમાં વિવિધ પ્રકારની રચનાઓ અને દાવપેચ દર્શાવવામાં આવે છે, જેમ કે મેન્યુવર, બેરલ રોલ્સ અને હાર્ટ લૂપ્સ, જે ઘણીવાર નવ એરક્રાફ્ટ ફોર્મેશનમાં કરવામાં આવે છે. આ ટીમ છ મહિના માટે સખત તાલીમ લે છે અને અન્ય છ માટે પ્રદર્શન કરે છે, તેમના શો ચોકસાઇ ઉડાન દર્શાવવા અને યુવાનોને સશસ્ત્ર દળોમાં જોડાવા માટે પ્રેરણા આપવા માટે રચાયેલ છે.

નાગરિકો અને ખાસ કરીને બાળકો તથા યુવાઓને ભારતીય સશસ્ત્રદળ અને એરફોર્સમાં જોડાવા માટે પ્રેરિત કરવા તથા ભારતીય વાયુ સેનાની શૌર્ય અને ગૌરવથી ભરપૂર કામગીરીથી સામાન્ય નાગરિકોને વાકેફ કરવા. ભારતીય વાયુસેનાની પ્રખ્યાત સૂર્ય કિરણ એરોબેટિક ટીમ ૬ અને ૭ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સવારે ૧૦ વાગ્યે રાજકોટ સ્માર્ટ સિટી વિસ્તાર પર એક રોમાંચક એર શો રજૂ કરશે અને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરશે.

એર શોમાં વિવિધ અન્ય ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ કેરિયર અને હેલિકોપ્ટર પણ ભાગ લેશે. ૧૯૯૬ માં રચાયેલ, વિશ્વની ખૂબ જ ઓછી નવ-એરક્રાફ્ટ એરોબેટિક્સ ટીમોમાંની એક છે અને એશિયામાં એકમાત્ર છે. આ અનોખી ટીમે ભારતમાં ૫૦૦ થી વધુ પ્રદર્શનો કર્યા છે, ઉપરાંત ચીન, શ્રીલંકા, મ્યાનમાર, થાઇલેન્ડ, સિંગાપોર અને ખાતે વિદેશમાં એર શોમાં ભારતીય વાયુસેનાની સક્ષમતા દર્શાવી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સામાકાંઠે પશુની બલી ચડાવવાના પ્રકરણમાં પોલીસને રૂ.૪ લાખના નૈવેદ્ય ધર્યાની જોરશોરથી ચર્ચા...?



## પોલીસે હળવી કલમ મુજબ ગુન્હો નોંધી આરોપીઓને કોર્ટમાં રજૂ નહીં કરી પોલીસ સ્ટેશનમાં જામીન આપી દીધા હોવાનો આક્ષેપઃ જીવદયા પ્રેમીઓએ બચાવેલા નવ પશુઓ બલી ચડાવનાર શખ્સોને પરત આપી દેવાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ અને સૌરાષ્ટ્રમાં જીવદયા પ્રેમીઓ રાત ઉજાગરા કરી પોતાના જીવના જોખમે હાઈવે પર વાહનો અટકાવી કતલ ખાને લઈ જવાતા અબોલ પશુઓને બચાવવાની કામગીરી કરી રહ્યા હોય ત્યારે તેઓએ કરેલી કામગીરી બાદ પોલીસ દ્વારા વહીવટ કરી આરોપીઓને છાવરવાનું કાર્ય કરવામાં આવે ત્યારે જીવદયા પ્રેમીઓને ઉંડો આઘાત લાગતો હોય છે. આવો જ એક કિસ્સો રાજકોટમાં સામાકાંઠે બનવા પામ્યો છે. જેમાં ગઇ તા.૨૪મીએ આજીડેમ ચોકડી પાસે પીટીસીના ગ્રાઉન્ડની બાજુમાં માતાજીના માંડવામાં અંધશ્રધ્ધા રાખી પશુઓની બલી ચડાવવ-ામાં આવી રહી હોય ત્યારે જીવદયા પ્રેમીઓ આ સ્થળે પહોંચી જઇ પોલીસને સાથે રાખી નવ પશુઓના જીવ બચાવ્યા હતા જયારે કેટલાક શખ્સોએ છ જેટલા પશુઓની બલી ચડાવી હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ સમગ્ર મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો અને પોલીસે જીવદયા પ્રેમી જીવરક્ષા ફાઉડેશનના કેતનભાઇ સંઘવીએ ફરીયાદ આપતા પોલીસે કાર્યવાહી કરી હતી.

પરંતુ પોલીસની કહેવાતી કાર્યવાહીમાં બલી ચડાવવાના પ્રકરણમાં પોલીસે રૂ.૪ લાખના નીવેદ લઇ મામલો રફેદફે કર્યો હોવાની જોરશોરથી ચર્ચાઓ થઇ રહી છે.

આ પ્રકરણમાં પોલીસે ફરીયાદમાં અમુક છીંડા રાખ્યા હોવાના આક્ષેપો થઇ રહ્યા છે. પોલીસે હળવી કલમ હેઠળ ગુન્હો નોંધી બલી ચડાવનાર શખ્સોને કોર્ટમાં રજૂ કરવાના બદલે પોલીસ સ્ટેશનમાં જ જામીન આપી દેવાના આવ્યા હોય તેવો આક્ષેપ થઇ રહ્યો છે. બીજી બાજુ માતાજીના માંડવામાં ૧૪મી તારીખે ૧૫ જેટલા પશુઓની બલી ચડાવવાની તૈયારીઓ થઇ રહી હતી અને તેમાંથી ૬ પશુઓની બલી ચડાવી દેવામાં આવી હતી જયારે બાકી રહેલા નવ પશુઓ જીવીત જીવદયા પ્રેમીઓ અને પોલીસને મળી આવ્યા હતા. આ પશુઓને પોલીસે પાંજરાપોળમાં સોપવાના બદલે બલી ચડાવનાર શખ્સોને જ નવ પશુઓને સોપી દઇ તેના જીવ જોખમમાં મુકી દીધા હોવાની ગંભીર અને કાયદા વિરૂધ્ધની થોરાળા પોલીસે કામગીરી કરી હોવાના આક્ષેપો થઇ રહ્યા છે.

### પોલીસે કેસ નબળો પાડવા બલી અધીનયમની કલમ ન લગાવીઃ જયંત પંડયા વિજ્ઞાન જાથા

થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પીટીસી ગ્રાઉન્ડ પાસે માતાજીના માંડવામાં પશુઓની બલી ચડાવવાના પ્રકરણ બાદ વિજ્ઞાન જાથાના જયંત પંડયાએ આક્ષેપ કર્યા હતા કે, જયારે પણ કોઇ પશુઓને બલી ચડાવવાનો પ્રયાસ થાય એટલે તેને એક કરતા વધુ કલમ લાગે છે. પોલીસે ફકત પશુ સુરક્ષા અધીનીયમની કલમ લગાડી છે. તેમાં સૌથી પહેલા ગુજરાત પશુ-પક્ષી બલી અધીનીયમ ૧૯૭૨ની કલમો લગાવી પડે અને પશુ ક્રુરતા અધીનીયમની કલમ પણ લાગુ પડે. સ્થળ પર પશુઓ કોઇ વાહનમાં લઇને આવ્યા હોય તો તે વાહનનો પણ આ ગુન્હામાં સમાવેશ કરવો પડે. આ બધી કલમો હોય તો આરોપીઓની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરવા પડે પણ પોલીસે આ કોઇ કલમ ન લગાડી કેસ નબળો પાડી દીધો હોવાનો વિજ્ઞાન જાથાના જયંત પંડયાએ આક્ષેપ કર્યો હતો.

### પશુની બલી ચડાવવાની ક્રુરતા બદલ પોલીસે કાર્યવાહી કરવી જોઇએ : વકીલ

સ્થળ પર જે જીવીત પશુ મળ્યા તેની ગણતરી પોલીસે કરી રોજકામ કરવું પડે, આ જીવીત પશુઓને પાંજરાપોળમાં સોપવામાં આવે, પાંજરાપોળમાં એફઆઇઆર નંબર-સ્થળ-પોલીસે કબજા સોંપણી કાર્યવાહી કરવી પડે. આ પત્રના આધારે પાંજરાપોળના સંચાલકો પોતાના લેટર પેડ પર લખાણ કરી ગુન્હાના કામે પશુ જીવોનો કબ્જો મેળવી સહી કરી પોલીસને લેખીત આપે છે, ભવિષ્યમાં આ પશુ જીવમાંથી કોઇ મૃત્યુ થાય તો સરકારી ડોકટર પાસે તેનું પીએમ કરાવી નકલ પોલીસ સ્ટેશને જમા કરાવવાની હોય છે, પશુ જીવનો કબ્જો મેળવવા કોર્ટમાં મામલો જાય તો કોર્ટ અભિપ્રાય માંગે, ક્રુરતા આચરનાર પાસે ફરી જીવનો કબ્જો ન જાય તે માટે અલગથી પાંજરાપોળ વકીલ રાખીને કેસ લડી શકે.

# ક્રિસ્ટન મોલ પાછળ શિલ્પન બંગ્લોઝના ગેઇટ પાસે કારમાં ૬૦ બોટલ દારૂ સાથે ચાલક ઝડપાયો

## ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે બાતમીના આધારે શખ્સને દબોચી લઇ કાર સહિત રૂ.૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં થર્ટી ફસ્ટના તહેવાર નજીક આવી રહ્યા છે ત્યારે બુટલેગરો પણ પ્યાસીઓની પ્યાસ બુઝાવવા સક્રિય બન્યા છે પરંતુ પોલીસે પણ બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી બુટલેગરો પર બાજ નજર રાખવામાં આવી રહી છે. તે દરમ્યાન ડીસીપી ઝોન-૨ એલસીબીની ટીમે ક્રિસ્ટન મોલ પાછળ આવેલ શિલ્પન બંગ્લોઝના ગેઇટ પાસેથી કારમાં વિદેશી દારૂની ૬૦ બોટલ સાથે ચાલકને દબોચી લઇ કાર સહિત રૂ.૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઇ આર.એચ.ઝાલાની સુચનાથી એએસઆઇ જે.વી.ગોહિલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ, ધર્મરાજસિંહ સહિતનો સ્ટાફ કાલાવડ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ હકિકત મળી હતી કે, એક કાર નં.જીજે૦૩જેસી૮૯૯૦માં વિદેશી દારૂ ભરી એક શખ્સ ક્રિસ્ટન મોલ પાછળ શિલ્પન બંગ્લોઝના ગેઇટ પાસે ઉભો હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે દોડી જઇ કારને કોર્ડન કરી ચેક કરતા ૬૦ બોટલ વિદેશી દારૂની કિંમત રૂ.૭૮ હજારનો જથ્થો મળી આવતા કારનો ચાલક ભૌમિક યોગેશ પારેખ (રહે.સિલ્પન બંગ્લોઝ નં.૮, ઘનશ્યામનગર મેઇન રોડ, જયોતિનગર ચોક)ની ધરપકડ કરી કાર સહિત રૂ.૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# આજીડેમમાં ગેરકાયદે માછીમારીઃ જીવદયા પ્રેમીઓમાં રોષ

## વ્હેલી સવારે આજીડેમમાં માછલાઓને લોટ નાખવા આવતા જીવદયા પ્રેમીઓની નજર માછલી પકડવાની ઝાર પર પડીઃ ફાયર બ્રિગેડને જાણ કરાતા કાફલો દોડી આવ્યો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે ભાવનગર રોડ પર આવેલ આજીડેમના પાણીમાં ગેરકાયદે માછીમારી થઇ રહી હોવાનો સામે આવતા જીવદયા પ્રેમીઓમાં રોષ ભભૂકી ઉઠયો છે. આ ઘટનાના પગલે ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર કાફલો આજીડેમ ખાતે દોડી આવી ઝારમાં ફસાયેલા માછલાઓને કાઢી ઝારને સળગાવી દઇ નાશ કરવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી આપતા જીવદયા પ્રેમી વનરાજભાઇ ખુમાણ નામના કાઠીદરબાર યુવાન વ્હેલી સવારે તેના નીત્ય ક્રમ મુજબ આજીડેમ ખાતે કબુતરને ચણ, કુતરાઓને રોટલા અને માછલાઓને લોટ નાખવા જતા હોય આજે સવારે વનરાજભાઇ માછલાઓને લોટ નાખવા ગયા ત્યારે આજીડેમના પાણીમાં ગેરકાયદે માછીમારી થઇ રહી હોવાનું નજરે પડયું હતું અને ઝારમાં કેટલાક માછલાઓ ફસાયને તડફરીયા મારી રહ્યાનું નજરે પડતા તેઓએ તાત્કાલીક ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર કાફલો દોડી આવી કામગીરી શરૂ કરી પાણીમાં નાખેલી ઝારમાંથી ફસાયેલા માછલાઓને કાઢી ઝારને સળગાવી નાખી નાશ કર્યો હતો. આ ઘટનાના પગલે ઉચ્ચ અધિકારીને જાણ કરવામાં આવી હતી. પરંતુ આજીડેમનો વિભાગ ઈરીગેસનમાં આવતો હોય જેની દેખરેખ ઈરીગેસન વિભાગ દ્વારા કરવામાં આવતી હોય જે બાબતે ઈરીગેસનના અધિકારીનો સંપર્ક કરવામાં આવતા તેઓએ જણાવ્યું હતું કે, રાજકોટની આસપાસ આવેલા ડેમ અને તળાવમાં મત્સઉદ્યોગ વિભાગ દ્વારા મચ્છી પકડવાનો ઈજારો આપવામાં આવતો હોય છે. પરંતુ આજીડેમમાં કોઈને મચ્છી પકડવાનો ઈજારો આપવામાં આવ્યો નથી અને સમયંતરે વિજિલન્સની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. પરંતુ આજે આજીડેમમાં થતી ગેરકાયદે માછીમારીની પ્રવૃતિ સામે આવતા ચેકિંગ વધુ તેજ બનાવશું તેમ જણાવ્યું હતું.

# ક્રિસ્ટલ મોલમાં 'લાલો' ફિલ્મના કલાકારો પહોંચતા જ અફરાતફરી

## ઓવર ક્રાઉડના કારણે લોકો ધક્કે ચઢ્યા, એક બાળકી ઈલેક્ટ્રિક સીડીના પગથિયે પટકાતા બે વ્યક્તિએ બચાવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતી ફિલ્મ પલાલા કૃષ્ણ સદા સહાયતેથના કલાકારો આજે રાજકોટમાં કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલ ખાતે ફિલ્મના પ્રમોશન સમયે મોટી સંખ્યામાં ચાહકો ઉમટી પડતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઓવર ક્રાઉડના કારણે અનેક બાળકો પડ્યા તો એક બાળકીનો જીવ માંડ માંડ બચ્યો હતો.

મોલની ઈલેક્ટ્રિક સીડીના પગથિયે બાળકી પટકાઈ હતી. બે વ્યક્તિએ દેબદૂત બની બાળકીનો જીવ બચાવ્યો હતો. સમગ્ર ઘટનાના વીડિયો પણ સામે આવ્યા છે.ફિલ્મના દિગ્દર્શક અંકિત સખીયા (જે ગોંડલ તાલુકાના મેતા ખંભાળીયા ગામના વતની છે) અને પલાલોથ (કૃષ્ણ)નું પાત્ર ભજવનાર અભિનેતા શ્રૃહાદ ગોસ્વામી ને બાઉન્સરો વચ્ચે લઈ જવાય હતા. આયોજકો વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ રહેતા મોલમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વધુ કોઈ અઘટિત ઘટના ન બને તે ધ્યાને લઈ કલાકારોએ ચાલતી પકડી હતી. ક્રિસ્ટલ મોલમાં પ્રથમ માળ અને બીજા માળે પણ ગેલેરીમાં લોકોની ભીડ જોવા મળી હતી.

# લીમડા ચોક પાસે ચાંદીના વેપારીને છરી બતાવી રૂ.૨.૫૦ લાખની લૂંટ

## LCBની ટીમે રાજકોટની યુવતી અને બે રાજસ્થાનીને દબોચી લીધા,પુછતાછ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં લીંબડા ચોક નજીક બેંકમાંથી નાણા ઉપાડી બહાર નિકળેલા ચાંદીના વેપારીને યુવતીએ આંતરતા પાછળથી આવેલા હિન્દી ભાષી શખસોએ બેગ દેદો કહી છરીની અણીએ રૂ.૨.૫૦ લાખની રોકડ ભરેલ થેલાની લુંટ ચલાવી નાસી જતા પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. બનાવને પગલે એલસીબી જોન-૨ની ટીમે સીસીટીવીના આધારે એક યુવતી અને બે રાજસ્થાની સહીત ત્રિપુટીને ઉઠાવી લઈ વિશેષ પુછતાછ કરી છે.


આ અંગેની વિગતો મુજબ જામનગર રોડ પર શીતલ પાર્ક પાસે મોચીનગરમાં રહેતા અને હોલસેલ ચાંદીનો વેપાર કરતા શીફાનભાઈ અર્શાદભાઈ પરમાર બપોરના સાડા બારેક વાગ્યાની આસપાસ તેના ભાગીદાર હેતભાઈ સાથે લીંબડા ચોક પાસે ઉજજીવન બેંકમાં ધંધા માટેના રૂપીયા ઉપાડવા ગયા હતા.ત્યા ભાગીદાર બેંક બહાર ઉભા હતા અને વેપારી બેંકમાંથી રૂ.૨.૫૦ લાખ ઉપાડી બેગમાં રાખી બહાર આવ્યા હતા. તે દરમ્યાન મારા ભાગીદાર બહાર જોવા મળ્યા ન હતા તે દરમ્યાન એક યુવતી બેંકમાંથી બહાર આવી અને સરનામુ પુછતી હતી અને તમારા બેગમાં શું છે તેમ પુછતા તેને હું તમને ઓળખતો ન હોય તમે કોણ છો તેમ પુછતા પાછળથી બે શખસોએ ધસી આવી કમરના ભાગેથી છરી કાઢી આ બેગ અમને આપી દે નહીતર તને મારી નાખીશુ કહી ધમકી આપી હતી

તે દરમ્યાન યુવતીએ બેગ છુટવી ત્રણેય નાસી ગયા હતા. દેકારો થતા ભાગીદાર દોડીને તેની પાસે આવ્યા હતા અને શું થયુ તેમ પુછ્યુ હતુ. જેથી તેને વાત કરી હતી બાદમાં બન્ને ઘેર ચાલ્યા ગયા હતા અને પરીવારને વાત કરી ફરીયાદ કરી હોવાનુ જણાવતા પીઆઈ બોરીસાગર સહિત તપાસ કરી ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

બનાવની જાણ થતા એલસીબીની ટીમના પીએસઆઈ ઝાલા સહીતની ટીમે સીસીટીવી ફુટેજના આધારે રાજકોટની યુવતી અને બે રાજસ્થાનીને ઉઠાવી લીધા હતા અને તેની પુછ્તાછ કરી લુંટનો ભેદ ઉકલવા કાર્યવાહી કરી છે.

# જેઠે દુષ્કર્મ આચર્યુઃ પતિએ હસીને કહ્યુ કે અમારામાં આમ જ હોયઃ બન્નેની ધરપકડ

## દોઢ વર્ષ પુર્વે વિધર્મી સાથે યુવતીએ પ્રેમ લગ્ન કર્યા હતાઃ કંટાળી સગર્ભાએ પોલીસને જાણ કરતા ગુનો નોંધાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચુનારાવાડ નજીક રહેતા વિધર્મી શખસ સાથે પ્રેમ લગ્ન કર્યા બાદ વારંવાર જેઠએ એકલી રહેલી યુવતીને ધમકાવી દુષ્કર્મ આચરતા ઘેર આવેલા પતિને વાત કરતા અમારામાં આમ જ હોય કહી હસવામાં કાઢી નાખતા હોય જેથી કંટાળેલી યુવતીએ પોલીસમાં ફરીયાદ કરતા થોરાળા પોલીસે ગુનો નોંધી પતિ અને જેઠની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે.

આ અંગે પોલીસ સત્રોના જણાવ્યા મુજબ એક વિસ્તારમાં રહેતી યુવતીએ દોઢેક વર્ષ પુર્વે ચુનારાવાડ નજીક રહેતા સુલતાન અલી શેખ સાથે પ્રમ લગ્ન કર્યા હતા.દરમ્યાન તેને સાતેક માસનો પુત્ર થયો હતો. દરમ્યાન પતિ બહાર મજુરી કામે જતા હોય જેઠ હૈદરઅલી શેખ તેના રૂમમાં ધુસી જઈ અને ધમકાવી મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચર્યુ હતુ. જે બાબતે સાંજે ઘેર આવેલા પતિને વાત કરી હતી જે પતિ વાતને હસવામાં કાઢી નાખી હતી. દરમ્યાન યુવતીને બે માસનો ગર્ભ હોય રૂમમાં સુતી હતી તે દરમ્યાન જેઠએ રૂમમાં ધુસી ફરી દુષ્કર્મ આચર્યુ હતુ અને આ વાત કોઈને કહીશ તો તને અને તારા પુત્રને મારી નાખીશ તેમ કહી ધમકી આપી હતી. જે બાબતે તેને પતિને વાત કરતા પતિએ કહ્યુ કે અમારામા આમ જ હોય તેમ કહી વાત ઉડાવી હતી. પરંતુ અવાર નવાર મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચતા જેઠ અને પતિથી કંટાળી યુવતીએ થોરાળા પોલીસમાં ફરીયાદ કરતા પીઆઈ વાઘેલા સહીતના સ્ટાફે પતિ અને જેઠ સામે ગુનો નોધી આરોપીની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી છે.

# પ્રેમી સાથે ચડભડ થતા યુવતી બિલ્ડિંગ પર ચડીઃ આપઘાત કરે તે પૂર્વે બચાવ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં હોસ્ટેલમાં રહેતી ૧૯ વર્ષિય યુવતીને તેના પ્રેમી સાથે નજીવી બાબતે ચડભડ થઇ હોય જેથી તેણીને લાગી આવતા યુનિવર્સિટી વિસ્તારના બિલ્ડિંગના ત્રીજા માળે ચડી જઈ જીવન ટુકાવે તે પુર્વે જ લોકોએ દોડી જઈ યુવતીને બચાવી લીધી હતી. મુળ કચ્છની હાલ રાજકોટમાં પીજીમાં રહેતી અને પાર્ટટાઈમ નોકરી કરતી ૧૯ વર્ષિય યુવતીને પોતાની પ્રેમી સાથે રકચક થઇ હોય જે બાબતે લાગી આવતા તેણી પુષ્કરધામ મેઇન રોડ પર આવેલા એક બિલ્ડિંગના ત્રીજા માળે

ચડી જઈ મોતની છલાંગ લગાવે તે પૂર્વે જ લોકો જોઈ જતા ઘટના અંગેની ફાયર અને પોલીસને જાણ કરી હતી. પરંતુ પોલીસ પહોંચે તે પૂર્વે લોકોએ બિલ્ડિંગમાં દોડી જઈ યુવતીને આત્મહત્યા કરતા બચાવી લીધી હતી. જે બાદ તેણીને પોલીસ મથકે લઈ જઈ તેનું કાઉન્સેલીંગ કરતા પ્રેમી સાથે રકચક થઇ હોય તેથી પગલુ ભરવા જઈ રહી હોવાનું રટણ કરી પોતે મુળ ગામ પરત જતી રહેશે તેમ કહ્યું હતું. જો કે, આ મામલે હજુ સુધી ફરિયાદ નોંધાઇ ન હોવાનું જાણવા મળ્યું છે.

# ત્રીજા માળેથી અકસ્માતે નીચે પટકાયેલા તરૂણનું મોત

## બાલ્કનીમાં ટુવાલ બાંધી અન્ય રૂમમાં જતી વખતે ગાંઠ છૂટી જતા ઘટી ઘટના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર અવધના ઢાળ પાસે સુકુન વિલામાં ત્રીજા માળની બાલ્કનીમાંથી પડી જતા માથે ઈજા થતાં ૧૫ વર્ષના સગીરનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. પોલીસમાંથી જાણવા મળ્યું હતું કે તેમને ભૂખ લાગી હતી પરંતુ જે રૂમમાં જમવાનું હતું તે બંધ હોવાના કારણે બાલ્કનીમાં ટુવાલ બાંધીને ત્યાં રૂમમાં જવાનો પ્રયત્ન કરતા ટુવાલની ગાંઠ છૂટી ગઈ હતી અને સગીર નીચે પટકાયો હતો. આ મામલે યુનિવર્સિટી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.વધુ વિગતો મુજબ રાજસ્થાનનો નરેશ પારગી (ઉ.૧૫) ગઈકાલે સાંજે ચાર વાગ્યા આસપાસ કાલાવડ રોડ પર અવધના ઢાળ પાસે આવેલા ભૂત બંગલાની પાછળ સુકુન વિલામાં ત્રીજા માળેથી પડી જતા માથે ઈજા થઈ હતી અને તેમને મિત્રો દ્વારા અહીંની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યાં તેનું સારવારમાં મોત નીપજ્યું હતું. આ મામલે યુનિવર્સિટી પોલીસના સ્ટાફે કાર્યવાહી કરી હતી. તેની સાથેના અન્ય શ્રમિક લોકોએ જણાવ્યું હતું કે, નરેશ મૂળ રાજસ્થાનનો વતની છે. પાંચ દિવસ પહેલા જ રાજસ્થાનથી અન્ય શ્રમિકો સાથે આવ્યો હતો અને અહીં લગ્નની સિઝન ચાલતી હોય જેથી તે કેટરર્સ કામમાં મજૂરી કરી શકે એટલે મોકલવામાં આવ્યો હતો. જોકે તેમની ઉંમર નાની હોવાથી તેને કામે લઈ જવામાં આવ્યો નહોતો. તેની સાથે એક બીજો સગીર પણ હતો. જે ત્યાં સુકુન વિલામાં આવેલા ફ્લેટના રૂમમાં જ નરેશ સાથે રહેતો હતો અને બાકીના બધા કામ પર ગયા હતા. આ બંને માટે બાજુના રૂમમાં જમવાનું રાખ્યું હતું. પરંતુ તે રૂમ લોક કરેલો હતો. બંને રૂમ બાજુ બાજુમાં આવેલા હતા.જેથી બંને સગીરોએ બાલ્કનીમાં ટુવાલ બાંધ્યો અને બાલ્કનીમાંથી એક રૂમમાંથી બીજા રૂમમાં જમવા જતા હતા.બપોરે બંને આ રીતે જઈ જમ્યા હતા પછી ચારેક વાગ્યે ભૂખ લાગતા તેઓ ફરી એવી રીતે જ ત્યાં પહોંચ્યા હતા.

જમીને પરત બાલ્કનીમાંથી રૂમમાં આવતા હતા ત્યારે નરેશના હાથમાં રહેલા ટુવાલની ગાંઠ છૂટી જતા અકસ્માતનો બનાવ બન્યો હતો.બીજા સગીરે તુરંત વીલાના ચોકીદારને જાણ કરી હતી અને પછી નરેશને સિવિલ હોસ્પિટલ લવાયો હતો. જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો. નરેશના માતા પિતા રાજસ્થાન ખાતે હોય, તેમને જાણ કરાતા તેઓ રાજકોટ આવવા રવાના થઈ ગયા હતા.આ અંગે મેટોડા પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો.